dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 05 | AD - 2024, Aaso Sud -03 | Saturday, Dt.05-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં લેવાયો નિર્ણય

## મરાઠી, બંગાળી સહિત પાંચ ભાષાઓને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો

નવીદિલ્હી,તા.૪

કેન્દ્રીય કેબિનેટે મરાઠી, પાલી, પ્રાકૃત, આસામી અને બંગાળી ભાષાઓને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવાની મંજૂરી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગે માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ એક ઐતિહાસિક નિર્ણય છે અને આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એનડીએ સરકારની આપણી સંસ્કૃતિને આગળ ધપાવવાની ફિલસૂફીને અનુરૂપ છે, આપણા વારસા પર ગર્વ રાખો, સૌને ગર્વ હોવો જોઈએ. ભારતીય ભાષાઓ અને આપણા સમૃદ્ધ વારસાને અનુરૂપ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'એકસ' પર એક પછી એક અનેક પોસ્ટ કરીને આ ભાષાઓને શાસ્ત્રીય ભાષાઓનો દરજ્જો મળવા પર ખુશી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે તેમની આગેવાની હેઠળની સરકાર પ્રાદેશિક ભાષાઓને લોકપ્રિય બનાવવાની પ્રતિબદ્ધતામાં અડીખમ છે. આ નિર્ણય પર ખુશી વ્યક્ત કરતા પીએમ મોદીએ 'એકસ' પર શ્રેણીબદ્ધ પોસ્ટ કરી અને કહ્યું કે આ બધી ભાષાઓ સુંદર છે અને દેશની જીવંત વિવિધતાને રેખાંકિત કરે છે. આ માટે દરેકને અભિનંદન આપતાં તેમણે કહ્યું હતું કે, "અમારી સરકાર ભારતના સમૃદ્ધ ઈતિહાસ અને સંસ્કૃતિનું મૂલ્ય ધરાવે છે અને ઉજવણી કરે છે. અમે પ્રાદેશિક ભાષાઓને લોકપ્રિય બનાવવાની અમારી પ્રતિબદ્ધતામાં પણ અટલ રહ્યા છીએ."



મરાઠી ભાષાને અભૂતપૂર્વ અને ભારતનું ગૌરવ ગણાવતા તેમણે મહારાષ્ટ્રના લોકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું, "આ સન્માન આપણા દેશના ઈતિહાસમાં મરાઠીના સમૃદ્ધ સાંસ્કૃતિક યોગદાનને માન્યતા આપે છે. મરાઠી હંમેશા ભારતીય વારસાનો પાયો રહ્યો છે. મને વિશ્વાસ છે કે શાસ્ત્રીય ભાષાનો દરજ્જો ઘણા લોકોને તે શીખવા માટે પ્રેરિત કરશે." "તેમણે કહ્યું કે આસામી સંસ્કૃતિ સદીઓથી ખીલી છે અને દેશને સમૃદ્ધ સાહિત્યિક પરંપરા આપી છે. તેમણે કહ્યું, "હું ઈચ્છું છું કે આ ભાષા આવનારા સમયમાં વધુ લોકપ્રિય બને. મારા અભિનંદન."

બંગાળી ભાષાને મહાન ભાષા ગણાવતા તેમણે કહ્યું કે દુર્ગા પૂજાના શુભ મુહૂર્તમાં તેને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો તે ખુશીની વાત છે. તેમણે કહ્યું, "બંગાળી સાહિત્યે વર્ષોથી અસંખ્ય લોકોને પ્રેરણા આપી છે. હું આ માટે વિશ્વભરના તમામ બંગાળી ભાષીઓને અભિનંદન આપું છું અને પાલી અને પ્રાકૃત ભાષાને ભારતની સંસ્કૃતિના મૂળમાં ગણાવતા, વડાપ્રધાને કહ્યું કે આ આધ્યાત્મિકતા, જ્ઞાન અને ફિલસૂફીની ભાષાઓ પણ છે, તેમણે કહ્યું, "આ ભાષાઓ તેમની સાહિત્યિક પરંપરાઓ માટે પણ જાણીતી છે. શાસ્ત્રીય ભાષાઓ તરીકેની તેમની માન્યતા એ ભારતીય વિચાર, સંસ્કૃતિ અને ઈતિહાસ પરના તેમના કાલાતીત પ્રભાવને શ્રદ્ધાંજલિ છે."

વડાપ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેમને શાસ્ત્રીય ભાષાઓ તરીકે માન્યતા આપવાના કેબિનેટના નિર્ણય પછી વધુ લોકો તેમના વિશે જાણવા માટે પ્રેરિત થશે. તેણે કહ્યું, "તે ખરેખર આનંદની ક્ષણ છે!" વડાપ્રધાને કેબિનેટના અન્ય નિર્ણયોની પણ પ્રશંસા કરી હતી. ચેન્નાઈ મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કા માટે કેબિનેટની મંજૂરી પર, તેમણે કહ્યું કે તે વાઈબ્રન્ટ શહેરમાં રહેવાની સરળતાને વેગ આપશે. ચેન્નાઈ અને તમિલનાડુના લોકોને અભિનંદન આપતાં તેમણે કહ્યું હતું કે, "તે ટ્રાફિકને સરળ બનાવવામાં, ટકાઉપણું અને આર્થિક વૃદ્ધિમાં સુધારો કરવામાં મદદ કરશે." તેમણે

### શાસ્ત્રીય ભાષાઓનો દરજ્જો મળવા બદલ પ્રધાનમંત્રીએ ખુશી વ્યક્ત કરી

કહ્યું કે તેમની સરકાર ખેડૂત ભાઈઓ અને બહેનોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે અને આ દિશામાં આજે બે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે અને પીએમ-રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અને કૃષિ ઉન્નતિ યોજનાને મંજૂરી આપવામાં આવી છે. તેમણે કહ્યું કે આનાથી અન્ન પ્રદાતાઓ આત્મનિર્ભર બનશે અને ખાદ્ય સુરક્ષાને પણ મજબૂત બનાવશે.

## યુપીમાં પ્રયાગરાજ-વારાણસી રોડ પર ટ્રક-ટ્રેક્ટર વચ્ચે અકસ્માત : ૧૦ લોકોના મોત

મિર્ઝાપુર,તા.૪

કચવાણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રયાગરાજ-વારાણસી રોડ પર સ્થિત કટકા ગામ પાસે ગુરુવારે રાત્રે એક મોટો માર્ગ અકસ્માત થયો હતો. એક ટ્રેક્ટર પર સવાર મજૂરો જે છતને મોલ્ડિંગ કરીને પરત ફરી રહ્યા હતા તેઓને પાછળથી એક ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. જેમાં ૧૦ લોકોના મોત થયા હતા. ગંભીર રીતે ઘાયલ ત્રણ લોકોને સારવાર માટે ટ્રોમા સેન્ટર વારાણસીમાં રિફર કરવામાં આવ્યા છે. એસપી સહિત પ્રશાસન અને પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સવાર સુધી બચાવ કાર્ય ચાલુ હતું.




ભદોહી જિલ્લાના ઔરાઈ પોલીસ સ્ટેશન વિસ્તારના તિઉરી ગામમાં છત નાખવાનું કામ પૂર્ણ કર્યા બાદ મોડી રાત્રે ડ્રાઈવર સહિત ૧૨ મજૂરો ટ્રેક્ટરમાં વારાણસીના મિરઝામુરાદ પોલીસ સ્ટેશન હેઠળના તેમના ગામ બિરબલપુર પરત ફરી રહ્યા હતા. મજૂરોનું એક જૂથ પણ બાઈક પર ટ્રેક્ટરની પાછળ આવી રહ્યું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ઔરાઈ તરફથી આવી રહેલી ટ્રકે કાબૂ ગુમાવ્યો હતો અને બાઈકને ટક્કર મારી હતી અને ટ્રેક્ટર સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રેક્ટર થોડુ કૂદીને રોડની બાજુમાં આવેલી ગટરમાં ખાબક્યું હતું. ત્યારે ટ્રક તેની ઉપરથી પસાર થતાં નાળામાં ફસાઈ ગઈ હતી. ગટર પાણીથી ભરાઈ ગઈ હતી. જોરદાર ટક્કરથી કેટલાક મૃત્યુ પામ્યા અને કેટલાક નાળામાં દટાયા. બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ બનેલી ઘટનાની માહિતી મળતા જ સીઓ સદર અમર બહાદુર અને નજીકના પોલીસ સ્ટેશનના દળો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને રાહત કાર્ય શરૂ કર્યું હતું. મૃતદેહોને નાળામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઘાયલ ત્રણ લોકોને ટ્રોમા સેન્ટર વારાણસી મોકલવામાં આવ્યા છે. એસપી અભિનંદન અને સીઓ સદરે લોકોને શાંત કર્યા અને વાહનોની અવરજવર સરળતાથી શરૂ થઈ શકે તેથી ટ્રાફિકજામ ક્લિઅર કરાવ્યો.

## તિરૂપતિ 'લડડુ પ્રસાદ' વિવાદમાં સીટ બનાવવાની જાહેરાત કરતી સુપ્રીમ કોર્ટ

દિલ્હી,તા. ૦૪

તિરુપતિ પ્રસાદ વિવાદમાં સુપ્રીમ કોર્ટે SIT બનાવવાની જાહેરાત કરી દીધી છે. પાંચ સભ્યોની એક ટીમ બનાવવાની વાત કરી છે. એસઆઈટીની આ ટીમમાં સીબીઆઈ અધિકારીઓથી લઈને FSSAIના સભ્યોને સામેલ કરવામાં આવશે. ગત સુનાવણી દરમિયાન જ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે આ મામલામાં કોઈ પણ પ્રકારના રાજકારણથી દૂર રહેવામાં આવશે અને બધુ ફોકસ ફક્ત તપાસ પર રહેશે. એવું કહેવાય છે કે એસઆઈટીમાં બે સીબીઆઈના અધિકારી, બે રાજ્ય સરકારના અધિકારી અને એક FSSAI ના સભ્યને રાખવામાં આવશે. આમ તો રાજ્ય સરકારે પણ આ મામલે એસઆઈટીની રચના કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન સ્પષ્ટ કહ્યું કે આ મામલો આસ્થા સાથે જોડાયેલો છે અને આવામાં સ્વતંત્ર તપાસ થાય તે જરૂરી છે. આ કારણે રાજ્ય સરકારની નહીં પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી એસઆઈટીની ટીમ આ મામલે તપાસ કરશે.



અત્રે જણાવવાનું કે આ મામલે સુનાવણી જસ્ટિસ બી.આર ગવઈ અને જસ્ટિસ કે.વી વિશ્વનાથનની બેન્ચ કરી રહ્યા છે. સુનાવણી દરમિયાન અનેક વખતે કોર્ટે કહ્યું કે આસ્થા સંલગ્ન મુદ્દાઓમાં રાજકીય ડ્રામા હોવો જોઈએ નહીં. આ કારણે એસઆઈટી બનાવવામાં આવી પરંતુ તેમાં તમામ પક્ષોના અધિકારીઓને સામેલ કરાયા. આમ તો રાજ્ય સરકાર અને અરજીકર્તાએ પણ કોઈ આપત્તિ જતાવી નથી. રાજ્ય સરકારે કહ્યું હતું કે કોર્ટ ઈચ્છે તો પોતાના પસંદ કરેલા કોઈ પણ અધિકારીને એસઆઈટીમાં સામેલ કરાવી શકે છે. એ રીતે અરજીકર્તા પણ ઈચ્છતા હતા કે કોઈ સ્વતંત્ર એજન્સીને તપાસની જવાબદારી સોંપવામાં આવે.




## આગામી પાંચ વર્ષમાં ભારતીયોની માથાદીઠ આવકમાં ૨૦૦૦ ડોલરનો વધારો થશે

### કોન્કલેવને સંબોધતા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યુ



ન્યુ દિલ્હી,તા.૦૪

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે ભારતની આઝાદીના ૭૫ વર્ષ બાદ પ્રતિ વ્યક્તિ આવક $૨૭૩૦ હાંસલ કરવામાં આવી છે. પરંતુ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ મુજબ આગામી ૫ વર્ષમાં માથાદીઠ આવકમાં $૨૦૦૦ નો વધારો થશે. તેમણે કહ્યું કે, આવનારા દાયકાઓમાં સામાન્ય માણસની જીવનશૈલીમાં મોટો બદલાવ આવશે જે ભારતીયોના જીવનને ફરીથી પરિભાષિત કરશે. નાણામંત્રીએ કહ્યું, અસમાનતામાં ઘટાડો કરીને આ સિદ્ધિ હાંસલ કરવામાં આવી રહી છે. માથાદીઠ આવકમાં મજબૂત ઉછાળો, સંભવ કૌટિલ્ય ઈકોનોમિક કોન્કલેવને સંબોધતા, નાણામંત્રી સીતારમણે જણાવ્યું હતું કે, છેલ્લા દાયકામાં આર્થિક મોરચે ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન, ૫ વર્ષમાં વિશ્વની ૧૦મી સૌથી મોટી અર્થવ્યવસ્થાની છલાંગ, સતત ઉચ્ચ સ્તરે હાંસલ કરવામાં આવી છે. વિકાસ દર અને ફુગાવો નીચો રાખવાને કારણે આ શક્ય બન્યું છે.

નાણામંત્રીએ કહ્યું કે ભારતને ૨૭૩૦ ડોલરની માથાદીઠ આવક હાંસલ કરવામાં ૭૫ વર્ષ લાગ્યા છે, પરંતુ આગામી ૫ વર્ષમાં તેમાં ૨૦૦૦ ડોલર વધુ ઉમેરી શકાય છે. નાણામંત્રીએ કહ્યું કે, જ્યારે આખું વિશ્વ વિભાજિત છે અને સતત સંઘર્ષ જોવા મળી રહ્યો છે, જે વૈશ્વિક શાંતિ માટે એક મોટો ખતરો છે, તેમ છતાં ભારતની ૧૪૦ કરોડની મોટી વસ્તીને કારણે માથાદીઠ આવક, જે કુલ ૧૮ ટકા છે. વિશ્વની વસ્તી આગામી થોડા વર્ષોમાં બમણી થવા માંગે છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૦૫-૧૦-૨૦૨૪



# જાફરાબાદના કડીયાળી ગામે ગ્રામ પંચાયત ઘરનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરાયું

જાફરાબાદ, તા.૦૪

જાફરાબાદના કડીયાળી ગામ ખાતે નવનિર્મિત ગ્રામ પંચાયત ઘરનું લોકાર્પણ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા કરાયું હતું. લોકાર્પણ કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના સરપંચ સવજીભાઈ મકવાણા, જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ,



તાલુકા પંચાયત પ્રમુખ બાલાભાઈ કોટડીયા, તાલુકા વિકાસ અધિકારી વિજય સોનગરા, તલાટી મંત્રી સૌરભભાઈ સોલંકી તેમજ તાલુકા ભાજપ પ્રમુખ દિનેશ દાદા, તાલુકાના યુવા ભાજપ પ્રમુખ કુલદીપભાઈ વરુ, જાદવભાઈ સોલંકી, ઉપસરપંચ કાળાભાઈ સહિત ગ્રામ પંચાયતના તમામ સભ્યો તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરાના લુંઘીયા ગામે શ્રમિક પર દીપડાનો હુમલો

બગસરા, તા.૦૪

બગસરા તાલુકામાં ફરી એકવાર દીપડાના આંટાફેરા વધતા ગ્રામ્ય પંથકોમાં ભયનો માહોલ છવાયો છે. શ્રમિક પર હુમલો થતા તેને સારવાર અર્થે અમરેલી દવાખાને ખસેડવામાં આવ્યો છે. બગસરા તાલુકાના લુંઘીયા ગામે ખેત મજૂરી તેમજ પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલો કમલેશ કટારા નામનો શ્રમિક પોતાની વાડીએ સુતો હતો ત્યારે અચાનક દીપડાએ તેના પર હુમલો કરી માથામાં ઈજા પહોંચાડી હતી. જો કે રાડારાડી થતા દીપડો નાસી છુટયો હતો. દીપડાએ બાજુમાં આવેલ દેવીપૂજક વાસમાં વાછરડા અને



બકરા પર પણ હુમલો કર્યો હતો. દીપડાએ હુમલો કર્યો હોવાની જાણ થતા વનવિભાગના અધિકારી પણ દોડી આવ્યા હતા. બગસરા પંથકમાં ફરી દીપડાના આંટાફેરા થતા ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. દીપડો વધુ કોઈ માનવ પર હુમલો કરે તે પહેલા પાંજરે પુરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# બગસરામાં આવતીકાલે શિવબાબા માનવસેવા ગ્રૃપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાશે

બગસરા, તા.૦૪

બગસરા શહેરમાં આગામી તા.૬ને રવિવારે સમય સવારે ૮:૦૦ થી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી સાકેતવાસી હરિલાલ પ્રેમશંકરભાઈ વ્યાસ મામાના સ્મરણાર્થે વિમલાબેન હરિલાલ વ્યાસ શીતલ આઈસ્ક્રીમ વાળા પરિવારના આર્થિક સહયોગથી શિવબાબા માનવસેવા ગ્રુપ બગસરા તથા બાળ કેળવણી મંદિર દ્વારા ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરેલ છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમરેલીના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરેલ હોય વધારે ને વધારે રક્તદાતાઓએ રક્તદાન કરવા આયોજકો તરફથી અપીલ કરવામાં આવેલ છે. કેમ્પનું સ્થળ બાળ કેળવણી મંદિર પોલીસ સ્ટેશનની બાજુમાં બગસરા મુકામે રાખેલ છે.

# અમરેલીની મોંઘીબા કોલેજમાં "વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન" કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લા વિધાનસભા-સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ-અમરેલીમાં એન.એસ.એસ. દિવસ નિમિત્તે તારીખ ૨૩/૦૯/૨૦૨૪ને બુધવારના રોજ 'વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન' કાર્યક્રમ આયોજિત થયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજની એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓ



દ્વારા કોલેજ કેમ્પસમાં ૫૦ થી વધારે વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થિનીઓએ કોલેજ કેમ્પસની સફાઈ દ્વારા 'સ્વચ્છતા અભિયાન' કર્યું હતું. વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનના આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સી. ડો.બી.આર. ચુડાસમા, એન.એસ.એસ.ના સહાયક પ્રોગ્રામ ઓફિસર પ્રા.નયનાબેન જોશી, તમામ સ્ટાફ મેમ્બર્સ અને એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓ સહિત ૨૦૦ વિદ્યાર્થિનીઓએ સક્રિય ભાગીદારી કરી "સ્વચ્છતા હિ સેવા " નું ઉત્તમ ઉદાહરણ પૂરુ પાડ્યું હતું.

# સા.કુંડલાની કૃષ્ણ ગૌશાળામાં સમુદ્ર મંથનની થીમ બનાવવામાં આવી

સાવરકુંડલા, તા.૦૪



તસવીર : સૌરભ દોશી

નવરાત્રી મહોત્સવ નિમિત્તે શ્રીકૃષ્ણ ગૌશાળામાં સમુદ્રમંથનની થીમ બનાવવામાં આવી છે જે સમગ્ર શહેરમાં અને આસપાસના વિસ્તારમાં એક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સમુદ્રમંથનની થીમ અને ગાય માતાના દર્શન કરી સૌ ધન્યતા અનુભવી રહ્યા છે. ગૌશાળાના લાભાર્થે દર વર્ષે આવું નવું નવું આયોજન કરવામાં આવે છે. ગૌશાળાના લાભાર્થે સૌ સહભાગી થાય તેવી કૃષ્ણ ગૌશાળાએ અપીલ કરી હતી.

# મંદબુદ્ધિ ધરાવતા દિવ્યાંગ બાળકોને અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા આર્થિક સહાય

**આ કાર્યક્રમ અંતર્ગત ૩૩ દિવ્યાંગ બાળકોને દરેકને રૂ. ૪,૫૦૦ની સહાય આપવામાં આવી હતી**

અમરેલી,તા.૦૪

અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા મંદબુદ્ધિ ધરાવતા દિવ્યાંગ બાળકોને આર્થિક સહાય આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ૩૩ દિવ્યાંગ બાળકોને દરેકને રૂ. ૪,૫૦૦ની સહાય આપવામાં આવી હતી. સંસ્થાએ જણાવ્યું હતું કે આ સહાય દિવ્યાંગજનોને હૂંફ આપવા અને તેમને ઉપયોગી થવાની ભાવના સાથે આપવામાં આવી છે. આ સેવાકીય અને પ્રેરણાદાયી કાર્યક્રમમાં સંસ્થાના અગ્રણીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવોમાં ડો. વસંતભાઈ પરિખ, રાજુભાઈ પરિખ, ડો. એ.જે. ડબાવાલા, ડો. કાલિન્દીબેન પરિખ, કિશોરભાઈ મહેતા અને દીપકભાઈ ગાંગડીયાનો સમાવેશ થાય છે. આ તમામ વ્યક્તિઓ સંસ્થા માટે વિવિધ સેવાઓ આપી રહ્યા છે.

# સા.કુંડલામાં પતિ-પત્નીને ફટકારી પુત્રને જાનથી મારવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલામાં રહેતા એક દંપતીને માર મારીને તેમના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે શામજીભાઈ નાનજીભાઈ કાચા (ઉ.વ.૭૭)એ રાજકોટમાં રહેતા જલદીપભાઈ અનીલભાઈ ભટી, રાકેશભાઈ કિશોરભાઈ ભટી, પુનમબેન ગોપાલભાઈ ભટી તથા રાધિકાબેન અનીલભાઈ ભટી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પૌત્રને મેળવવા સર્ચ વોરંટ નીકળ્યું હોવાથી તેઓ કોર્ટમાં આવ્યા હતા. કોર્ટની તારીખ પૂર્ણ કરી કિરણબેન કાચાની ઓફિસમાં ઘૂસીને આરોપીએ તેમને તથા તેના પત્નીને મુંઢમાર માર્યો હતો. તેમજ તેના પુત્ર ગોપાલભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# ગાંધી જયંતીએ કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ-ખાદી કાર્યાલય ખાતે કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૦૪

મહાત્મા ગાંધીજીની ૧૫૫-મી જન્મ જયંતી નિમિત્તે કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ–ખાદી કાર્યાલય સાવરકુંડલાએ સવારની પ્રાર્થનાનો કાર્યક્રમ યોજેલ. તેમાં પ્રાર્થના, ભજન, ધૂન, ગાંધી ગીત, ગાંધી સાહિત્ય વાંચન તેમજ ગાંધીજી વિષે વક્તવ્ય યોજેલ. તેમાં સાવરકુંડલા શહેર તેમજ તાલુકામાંથી ખુબ જ મોટી



સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. તેમજ કૃષ્ણકુમાર સિંહજી વ્યાયામ મંદિરના બાળકો અને શિક્ષકો હાજર રહ્યા તેમજ ગ્રામ સેવા કેન્દ્ર ખડસલીના બહેનો તેમજ સંગીત ટુકડીએ સરસ મજાના ગાંધીજીને પ્રિય એવા ભજન, ધૂન અને ગીતો રજૂ કર્યા હતાં.

# સાવરકુંડલાની શ્રી કે. કે. હાઈસ્કૂલ દ્વારા "ગાંધી જયંતી" નિમિત્તે સ્વચ્છતા અભિયાન અને લોકજાગૃતિ રેલી યોજાઇ

સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલાની શ્રી કે.કે. હાઈસ્કૂલ અને શ્રી કે.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિવસ નિમિત્તે એન.એસ.એસ યુનિટ દ્વારા ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિન્સિપાલે ભારતની સ્વતંત્રતા માટે ગાંધીજીએ કરેલ કાર્યો વિશે પ્રેરણાદાયી વાતો





કરી હતી. યોજાયેલી રેલીમાં એન.એસ.એસના સ્વયંસેવકો તેમજ શાળાના ધોરણ- ૧૦ અને ૧૧ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બાળકો દ્વારા પોસ્ટર અને બેનરો લઈ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ રેલીમાં શાળાના પ્રિન્સિપાલ ગુજરીયા સાહેબ, એન.એસ.એસ કેમ્પ કો-ઓર્ડીનેટર માંજરીયા સાહેબ, પ્રોગ્રામ ઓફિસર વર્ષાબેન પટેલ, શિક્ષક રફિકભાઈ ભોરણીયા, શિક્ષિકા- કોમલબેન મકવાણા તેમજ રીનાબેન નાગર દ્વારા રેલીમાં પૂરતો સાથ સહકાર આપવામાં આવ્યો હતો.

# સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલમાં શહીદ ભગતસિંહની જન્મ જયંતી ઉજવાઈ

સાવરકુંડલા, તા.૦૪

શ્રી કે.કે. હાઈસ્કૂલ અને શ્રી કે.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલમાં એન.એસ.એસ. યુનિટ અંતર્ગત વીર શહીદ ભગતસિંહની જન્મ જયંતીની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન પ્રાર્થના સભામાં ભગતસિંહજીની છબીને સુતરની આંટી પહેરાવી નમન કરાયું. વર્ષાબેન પટેલ દ્વારા શહીદ ભગતસિંહના



જીવન વિશે વિસ્તૃત પરિચય અપાયો. બાળકોમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવા ભાવમય વાતાવરણ સર્જાયું હતું. "ઈન્કલાબ જિંદાબાદ", "શહીદ અમર રહો", "વંદે માતરમ"ના નારાથી પ્રાર્થના હોલ ગુંજી ઉઠ્યો હતો. માંજરીયા દ્વારા બાળકોને શહીદ ભગતસિંહની વીરગાથા સંભળાવાઈ હતી. કાર્યક્રમમાં શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિન્સિપાલ ગુજરીયાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર વર્ષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com





મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# વડિયા-બાટવાદેવળીના બદતર બનેલા રોડની મરામત ક્યારે થશે? લોકોમાં સવાલ

અમરેલી, તા.૪

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાથી રાજકોટ જવાના રોડમાં વડિયાથી બાટવાદેવળી સુધીનો રસ્તો અતિ બિસ્માર હાલતમાં છે. આ રસ્તો મંજૂર થઈ ચુક્યો છે અને તેની કામગીરી વરસાદના કારણે વિલંબમાં પડી છે. પરંતુ આ રસ્તા પર ખાનગી કંપનીના કેબલ નાખવા માટે રસ્તાની સાઈડમાં જેસીબીથી ખોદકામ કરવામાં આવતા તે ખોદકામની માટી આ રોડ પર નાખવામાં આવતા અને તેના પર વરસાદ વરસતા કીચડ થતાં અનેક લોકો અહીં વાહન સાથે લપસ્યા હોવાથી તેમને નાની-મોટી ઈજાઓ સહન કરવી પડી છે. આ રોડની જવાબદારી નિભાવતા અધિકારીનો સંપર્ક કરતા તેમણે બીજા દિવસે આ ખાડો બુરવા સાથે રોડ પરની માટી ખસેડવા માટે કાર્યવાહી કરીશું તેવું જણાવ્યું હતું. પરંતુ ત્યાર બાદ આજદિન સુધી કોઈ કાર્યવાહી થઈ નથી અને લોકો આ બાબતે હાલ ભયંકર હાલાકી ભોગવી રહ્યા છે. હાલ નવરાત્રીમાં વરસાદની આગાહી છે અને આ રસ્તાની હાલતમાં કોઈ સુધારો આવેલ નથી ત્યારે શું તંત્ર ફરી આ રસ્તાને ચક્કાજામ થતો જોવા માંગે છે ? શું તંત્ર ફરી કીચડ અને ગારામાં ફસાતી ગાડીઓ જોવા માગે છે? ત્યારે હાલ નવો રસ્તો ન બને ત્યાં સુધી આ રસ્તા પર ફેલાયેલી કાળી ચીકણી માટી દૂર કરી, પાસે થયેલા ખોદકામને યોગ્ય રીતે બુરાણ કરી તેના પર ટાંચ નાખીને રીપેર કરવામાં આવે તેવી અહીંથી પસાર થતા હજારો માણસોની માગણી છે.

# ધારીના માલસીકા ગામે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત, લોકાર્પણ

**સાંસદ, ધારાસભ્ય કૌશિક વેકરીયા, જે.વી. કાકડીયા સહિતનાઓ હાજર રહ્યાં**

ધારી,તા.૦૪

ધારી તાલુકાના માલસીકા ગામે ગુજરાત સરકાર તરફથી મંજૂર થયેલ વિવિધ વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ


તસવીર : સંજય વાળા

વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, જિલ્લા પંચાયતના સદસ્ય ભુપતભાઈ વાળા, જિલ્લા પંચાયત સદસ્ય કમળાબેન ભુવા, તાલુકા પંચાયતના સદસ્યો, તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી, શાંતિલાલ પરમાર સહિત તાલુકા ભાજપના હોદ્દેદારો, પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# અમરેલીમાં પરિણીતાને પતિએ જાનથી મારવાની ધમકી આપી

**સાસુ-સસરા નાની વાતમાં મેણાં મારતા હતા**

અમરેલી, તા.૦૪

અમરેલી શહેરમાં રહેતી એક પરિણીતાને તેના પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે સાસુ-સસરા નાની નાની વાતમાં મેણાટોણા મારતા હતા. બનાવ અંગે જાનવીબેન દિલીપભાઈ વ્યાસ (ઉ.વ.૨૮)એ પતિ કેવલભાઈ ધર્મેન્દ્રભાઈ પારેખ, સસરા ધર્મેન્દ્રભાઈ રમણીકલાલ પારેખ તથા સાસુ દિપીકાબેન ધર્મેન્દ્રભાઈ પારેખ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્નના તા.૨૫/૦૯/૧૮ થી તા.૧૩/૦૬/૨૪ સુધી લગ્ન સમય દરમિયાન આરોપીઓએ નાની-નાની બાબતોમાં અવાર-નવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ-ત્રાસ આપી તેમજ તેના પતિએ ઢીકાપાટુનો મુંઢમાર મારી ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજુલામાં સાંઈનાથ ગરબા ક્લાસીસમાં ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા

રાજુલા, તા.૦૪

રાજુલા શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના સહયોગથી સાઈનાથ ગરબા ક્લાસીસનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૭૦૦ થી ૮૦૦ જેટલી મહિલાઓ અને ખેલૈયાઓને નિ:શુલ્ક ગરબાઓ શીખવવામાં આવે છે. આ વર્ષે પણ ભવ્યથી ભવ્ય આયોજન




કરવામાં આવ્યું હતું. સાંઈનાથ ગરબા ક્લાસીસના અંતિમ દિવસે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ હાજરી આપીને સૌ ખેલૈયાઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે રીનાબેન ચેતનભાઈ શિયાળ, જિલ્લા ભાજપ આગેવાન રવુભાઈ ખુમાણ, ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમ, બ્રહ્મસમાજના પ્રમુખ ભાનુદાદા, ગરબા શિક્ષક આકાશ ગૌસ્વામી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# મોટીકુંવાવાવમાં વાડીએ સર્પદંશથી બાળકનું મોત

વડિયા, તા.૦૪

વડિયાના મોટી કુંકાવાવમાં વાડીએ સર્પદંશથી ૭ વર્ષના બાળકનું મોત થયું હતું. બનાવ અંગે મૂળ દાહોદના ગડા ગામના અને હાલ મોટી કુંકાવાવમાં વિપુલભાઈ પરશોતમભાઈ દેસાઈની વાડીએ રહી મજૂરી કામ કરતાં અશ્વીનભાઈ રૂપાભાઈ ખાંટ (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, તેમના ૭ વર્ષીય પુત્રને વાડીએ સર્પે દંશ દેતાં સારવાર અર્થે ખસેડાયો હો. જ્યાં તેમનું મોત થયું હતું. વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ. કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.






# લાપાળીયા ગામ પાસે બાઈક સ્લીપ થતાં યુવકનું મોત

અમરેલી, તા.૦૪

મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ટોકરીયા જીરણ ફળીયાના અને હાલ સાવરકુંડલાના બોરાળા ગામે રહેતા મગનભાઈ ઈન્દ્રસિંહ મેડા (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ રેમતભાઈ ઈન્દ્રસિંહ મેડા (ઉ.વ.૩૫) મોટર સાયકલ લઈને સાવરકુંડલા રોડ પર આવેલા લાપાળીયા ગામ પાસેથી પસાર થતાં હતા ત્યારે બાઈક પરનો કાબુ ગુમાવતાં સ્લીપ થઈ ગયા હતા. જેના કારણે ગંભીર ઈજાઓ થતાં મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.ડી. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાંથી અજાણ્યો ઈસમ બાઈકની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો

બગસરા, તા.૦૪

બગસરામાંથી હીરાકામ કરતાં યુવકની બાઈક ચોરીનો બનાવ સામે આવ્યો છે. જામકા ગામના વિપુલભાઈ રમેશભાઈ ચાવડા એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે બગસરા નદીપરામાં આવેલા શબીરભાઈ લોખંડવાળાના ડેલામાં સ્પ્લેન્ડર પાર્ક કર્યુ હતું. અમદાવાદ પાસિંગના ૧૫ હજારની કિંમતના બાઈકની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો.

## અવસાન નોંધ

**બગસરા (ડોબિવલી)**

ભરતભાઈ રવિશંકર પંડ્યા (ઉ.વ.૬૪)નું તા. ૨ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. રવિશંકર બાળીદાસ પંડ્યાના પુત્ર અને ગીરીશભાઈ, મહેશભાઈ, નરેશભાઈ તથા ગ.સ્વ.રમાબેન, અ.સો.સંધ્યાબેન (અમરેલી)ના ભાઈ થયા છે. સગદતની સાદડી બગસરા મુકામે શનિવાર તા. ૫ ના રોજ ગં.સ્વ.ભાનુમતી ભાસ્કરરાય પંડ્યા અમરપરા ડો. રાઠોડ સાહેબની હોસ્પિટલ પાછળ સાંજે ૫ થી ૬ દરમિયાન રાખેલ છે.

**ધોરાજી**

ધોરાજી નિવાસી ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ સ્વ.નયનાબેન મહેશભાઈ રાવલ ઉ. વ. ૬૫નું તા. ૦૩.૧૦.૨૦૨૪ ગુરુવારના રોજ દુ:ખદ અવસાન થયું છે. તે મહેશભાઈ લાભશંકર રાવલના ધર્મપત્ની તથા જયેશભાઈ અને મિતુલબેન વ્યાસના માતુશ્રી તેમજ દક્ષના દાદીમા થાય છે. સદગતનું બેસણું તા. ૫/૧૦/૨૪ ને શનિવારે સાંજે ૪ થી ૬ કલાકે બ્રહ્મ સમાજની વાડી, સ્ટેશન પ્લોટ ધોરાજી ખાતે રાખેલ છે.






















# લીલીયા તાલુકાના જાત્રોડા ગામે D.D.O અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં ગ્રામસભા યોજાઈ

લીલીયા, તા.૦૪



લીલીયા તાલુકાના જાત્રોડા ગામે બીજી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીની જન્મ જયંતી નિમિત્તે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા જિલ્લા વિકાસ અધિકારી પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. જાત્રોડા ગામે આવેલ પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે જિલ્લા વિકાસ અધિકારી પંડ્યા તેમજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ તકે ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, સરપંચ સુખાભાઈ જોગરાણા, D.H.O સિધપુરા, I.C.D.S ડિમ્પલબેન, જીવનભાઈ બારૈયા, મુકેશભાઈ ધાનાણી, જયંતીભાઈ ધાનાણી, આચાર્ય ભાવેશભાઈ જાદવ, એસ.ઓ. રુકસાનાબેન, મંત્રી ભડકોલીયા સહિતના ગ્રામ પંચાયત સદસ્યો, અધિકારીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દામનગર ખાતે ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં એવોર્ડ અને સન્માન સમારોહ યોજાયો

દામનગર, તા.૦૪



લાઠી તાલુકાના દામનગર ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં શહેરી કક્ષાએ સાફ-સફાઈ ઝુંબેશ અંતર્ગત જાહેર માર્ગ અને જાહેર સ્થળ સહિતની સફાઈ કરવામાં આવી હતી. નિયમિત રીતે સ્વચ્છતા જાળવવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થાય તે માટે નાગરિકોને આહ્વાન કરવામાં આવ્યુ હતું. પ્લાસ્ટિકનો ઉપયોગ કરનાર વિરુદ્ધ થતી કાર્યવાહીઓથી નાગરિકોને જ્ઞાત કરવામાં આવ્યા હત તેમજ અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓનું સન્માન તેમજ એવોર્ડ આપવામાં આવ્યો હતો. તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહ્વાન થકી શેઠ એમ.સી.મહેતા હાઈસ્કૂલ ખાતે એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે દામનગર નગરપાલિકાના પ્રમુખ ગોબરભાઈ નારોલા, પૂર્વ પ્રમુખ અમરશીભાઈ નારોલા, શહેર ભાજપ પ્રમુખ ધીરુભાઈ નારોલા, શહેર ભાજપ મહામંત્રી સતીષગીરી ગૌસ્વામી, નગરપાલિકા ચેરમેન પૂજાબેન ઠાકર, તાલુકા યુવા મોરચાના પ્રમુખ નરેશ મકવાણા સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

# બરવાળા બાવળ ગામે દંપતી અને ગામલોકો વિરુદ્ધ અફવા ફેલાવતી ખોટી પોસ્ટથી ચકચાર

**અમરેલી સાયબર ક્રાઇમ પોલીસે વધુ તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૦૪

વડીયાના બરવાળા બાવળ ગામે એક દંપતી તથા ગામ લોકો વિરુદ્ધ સોશિયલ મીડિયામાં ખોટી અફવા ફેલાવીને પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી બદનામ કરવામાં આવ્યા હતા. જેને લઈ પરેશભાઈ રવજીભાઈ ધડુક (ઉ.વ.૪૨)એ Manish Vroa, બરવાળા બાવળ, Maruti Govsala Barvala Baval નામના ફેસબુક એકાઉન્ટનાં ધારક-વાપરનાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ ફેસબુકમાં તેમની તથા તેના પત્ની અને ગામના બીજા લોકો વિરુદ્ધ ખોટી અફવા ફેલાવતી પોસ્ટ કરી હતી તેમજ ગામલોકોને તેમની વિરુદ્ધ ઉશ્કેરણી કરી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડીને સમાજમાં બદનામી કરી હતી.

# લીલીયા મોટાના P.I. આઈ.જે.ગીડાએ નવરાત્રી પર્વને લઈને ગરબી સંચાલકો સાથે બેઠક યોજી

લીલીયા, તા.૦૪



લીલીયા મોટાના નવનિયુક્ત P.I આઈ.જે.ગીડાએ ગરબા મંડળના આયોજકો સાથે તેમજ લીલીયાના શેરી ગરબાના આયોજકો તેમજ લીલીયાના પ્રતિષ્ઠિત નાગરિકો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં કડવા પાટીદાર સમાજના પ્રમુખ બાબુભાઈ ધામત, સરપંચ જીવનભાઈ વોરા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, કેપ્ટન ધામત, બહાદુરભાઈ બેરા સહિતના લીલીયા ગરબી મંડળના આયોજકો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. લીલીયા પોલીસ તેમજ ગામડાઓમાં પી.સી.આર. વાન દ્વારા સઘન પેટ્રોલિંગ રાખવા બાબતે પણ P.I દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ મોટા ગરબી મંડળ તથા શેરીઓમાં થતા ગરબાઓમાં કોઈપણ લુખ્ખા તત્વો કે અસામાજિક તત્વો દ્વારા રાસ રમતા બેન-દીકરીઓ પર કોઈ ગુપ્ત રીતે વીડિયો શુટીંગ કે ફોટોગ્રાફી ન કરે તે માટે પણ સૂચના આપવામાં આવી હતી.

# 'મારા ખેતરના રસ્તે કેમ ચાલે છે?' કહી ગાળો આપી

**ખાંભાના સમઢીયાળા-૨ ગામનો બનાવ**

ખાંભા, તા.૦૪

ખાંભાના સમઢીયાળા-૨ ગામે મારા ખેતરના રસ્તે કેમ ચાલો છો કહી ગાળો બોલી, ઝાપટ મારીને મુંઢ માર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે ભગવાનભાઈ ભોળાભાઈ વાઘ (ઉ.વ.૩૮)એ ભાવેશભાઈ માણસુરભાઈ વાઘ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના મોટાબાપુજીના દીકરા શીવાભાઈ નગાજણભાઈ વાઘ રહે.સમઢીયાળા-૨ વાળાના રસ્તેથી તેમના ખેતરે જવાનો રસ્તો આવ્યો હતો. જેથી ત્યાંથી તેમનો પરિવાર ચાલતો હતો. જે સામાવાળાને સારૂ નહીં લાગતા તેઓ પીપાવાવ કંપનીમાં નોકરીએ જતા હતા ત્યારે તેમને "મારા ખેતરના રસ્તે કેમ ચાલે છે?" તેમ કહી જેમફાવે તેમ ગાળો આપી, ઝાપટ મારીને વાંસાના ભાગે મુંઢમાર માર્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના ગાધકડા ગામે નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે હવનનું આયોજન થયું

સાવરકુંડલા, તા.૦૪



શક્તિની ઉપાસનાના મહાપર્વ નવરાત્રીના પ્રારંભે જ ભાવિકો ભક્તિમાં લીન થયા હતા. સાવરકુંડલા તાબાના ગાધકડા ગામે આશાપુરા માતાજીના મંદિરે મોટી સંખ્યામાં લોકો દર્શને પધાર્યા હતા. માતાજીના મંદિરમાં હવનનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવ્યું હતું. તેમાં હજારો ભક્તોએ માતાજીના દર્શન અને હવનનો લાભ લીધો હતો. ધામી પરિવાર દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અલગ અલગ વિસ્તારમાંથી લોકો આવ્યા હતા અને માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# લકઝરી બસના ટાયરનો જોટો ફરી વળતાં ભેંસવડી ગામના યુવકનું મોત

**પેટ્રોલ પુરાવવા જતાં યુવકને કાળ આંબી ગયો**

લીલીયા, તા.૦૪

લીલીયા પીપળવા રોડ પર રેલવે ફાટક પાસે આવેલા એસ.ટી. પીકઅપ સ્ટેન્ડ નજીક લકઝરી બસના ચાલકે મોટર સાયકલ ચાલકને અડફેટે લીધો હતો.

પાછળના ટાયરના જોટામાં આવી જતાં યુવકનું મોત થયું હતું. મૃતક યુવક પેટ્રોલ પુરાવવા જતો હતો ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. ભેંસવડી ગામે રહેતા પરેશભાઈ વિનુભાઈ આસોદરાએ સાવરકુંડલામાં રહેતા અને ડ્રાઈવિંગ કરતાં અંકીતભાઈ હર્ષદભાઈ ભરાડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈ રાકેશભાઈ વિનુભાઈ આસોદરા ઉ.વ.૩૨ રહે.ભેંસવડી વાળા પોતાના હવાલાવાળુ હીરો સ્પ્લેન્ડર મો.સા. રજી. નં.GJ-૨૭-AB-૦૬૯૮ લઈ લીલીયાથી પીપળવા રોડ પર આવેલા પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ પુરાવવા જતા હતા તે વખતે લીલીયા રેલવે ફાટક નજીક એસ.ટી. પીકઅપ બસ સ્ટેન્ડ નજીક રોડ ઉપર પીપળવા ગામ તરફથી ખાનગી લકઝરી બસ નં.GJ-૧૪-X-૫૪૪૪ ના ચાલકે આવી તેમના ભાઈની મોટર સાયકલને અડફેટે લીધી હતી. જેથી તેમના ભાઈના શરીર ઉપર બસના ડાબી બાજુનો પાછળના ટાયરનો જોટો ફરી જતા ગંભીર ઈજાઓ થવાથી મોત નિપજ્યું હતું.

# કાંકચ ગામે શર્ટનો કાંઠલો પકડી ગાળો બોલી આધેડને ઢીકાપાટુ માર્યા

લીલીયા, તા.૦૪

લીલીયા કાંકચ ગામે રહેતા એક યુવકના શર્ટનો કાંઠલો પકડી ગાળો બોલી આધેડને ઢીકાપાટુ મારવામાં આવ્યા હતા. તેમજ જાનથી મારી નાખવાની પણ ધમકી આપી હતી. બનાવ અંગે અમરશીભાઈ વિરાભાઈ હેલૈયા (ઉ.વ.૫૫)એ જયાબેન ઉગાભાઈ હેલૈયા, ઉગાભાઈ જેઠાભાઈ હેલૈયા, રાહુલભાઈ ઉગાભાઈ હેલૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની વિરૂદ્ધ લીલીયા પોલીસ સ્ટેશનમાં રાહુલભાઈ હેલૈયાએ અરજી કરી હતી. જે અરજીના કામે તેમણે મામલતદાર કચેરીમાં જામીન અરજી કરતાં જામીન ઉપર છુટી જતા આરોપીઓએ મનદુ:ખ રાખી શર્ટનો કાંઠલો પકડી ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર મારી ઈજા પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ત્રીજ
તા. ૦૫-૧૦-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૬:૧૬,
સૂર્યાસ્ત-૦૬:૦૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: સ્વાતિ

## દૈનિક રાશિફળ

તા.૦૫-૧૦-૨૦૨૪ શનિવાર

મેષ: આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશો. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન થશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે.

વૃષભ: આજે સ્થિતિ બરાબર રહેશે.કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે અને આવકમાં વધારો થવાની સંભાવના રહેશે.

મિથુન: આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. ઓફિસમાં અધિકારીઓ આજે તમારી દરેક શક્ય સહાય કરશે.

કર્ક: સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે.

કન્યા: આજનો દિવસ સારો રહેશે. કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે અમલી થશે. સમાજમાં સર્વોપરિતા વધશે.

તુલા: આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો.

ધન: આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસના મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે.

મકર: દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આમાં મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે.

કુંભ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો.

મીન: આજનો દિવસ કંઈક માહિતીપ્રદ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે.

# મોટી કુંકાવાવમાં ગરબીમાં લાઈટ ફિટિંગનું કામ કરતાં યુવકને છરી બતાવી ધમકી આપી

**ગાળો આપી કામ બંધ કરી અહીંથી જતા રહો તેમ પણ કહ્યું**

વડીયા, તા.૦૪

વડીયાના મોટી કુંકાવાવમાં સુભાષ ચોક ખાતે ગરબીમાં લાઈટ ફિટિંગનું કામ કરતાં યુવકને ગાળો આપી, કામ બંધ કરી અહીંથી જતા રહો તેમ કહી છરી બતાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેને લઈ અમીતભાઈ રવજીભાઈ ચોવટીયા (ઉ.વ.૩૩) એ જગદીશભાઈ રાયધનભાઈ ડવ તથા બે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદો નવરાત્રીના તહેવાર સબબ કુંકાવાવ ખાતે સુભાષ ચોકમાં ગરબીમાં લાઈટ ફિટિંગનું કામ કરતા હતા. તે વખતે આરોપીઓ ફોરવ્હીલ ગાડી નં.જીજે-૧૧-એ.બી-૦૭૩૨ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી આડેધડ કાવા મારી તેમની તથા સાહેદ પાસે આવી જોરથી બ્રેક મારી ઉભી રાખી હતી. ત્રણેય આરોપીઓએ નીચે ઉતરી તેમને તથા સાહેદોને જેમ ફાવે તેમ ગાળો આપી આ કામ બંધ કરી અહીંથી જતા રહો તેમ કહી તેમને ડાબા ગાલ પર લાફો માર્યો હતો. ઉપરાંત ગાડીમાંથી છરી કાઢી તેમને તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્રણેય આરોપીઓ ફોરવ્હીલ ગાડી લઈ નાસી છૂટ્યા હતા. વડીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના દલખાણીયા ગામેથી પ્રૌઢ ઘરેથી ચાલી નીકળ્યા

ધારી, તા.૦૪

ધારીના દલખાણીયા ગામે એક પ્રૌઢ ઘરેથી ચાલી નીકળ્યા હતા. જેની ઘણી શોધ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવ અંગે સુરેશભાઈ કાંતીભાઈ વાઘેલા (ઉ.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, કાંતીભાઈ પાંચાભાઈ વાઘેલા (ઉ.વ.૬૫) તા.૦૨-૧૨-૨૦૨૩ના રોજ રાત્રે સાડા બારથી અઢી વાગ્યા દરમિયાન રહેણાંક મકાનેથી કોઈને જાણ કર્યા વગર ક્યાંક જતાં રહ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ કુલદીપભાઈ જુવાનસિંહ લકુમ વધુ તપાસ કરી રહ્યા છે.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા



ધમાકા ઓફર
AROMA
PREMIUM BODY SPA
ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧



ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર



Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

**તંત્રી લેખ**

# ગાઝા પછી લેબનોનનો ખાતમો

પોતાની યુદ્ધ ક્ષમતા ન હોવા છતાં પણ લેબનોને ઈઝરાઈલ પર મિસાઈલ ફેંક્યા. આથી ઈઝરાયલે વળતા હુમલામાં લેબનોનને તબાહ કરી નાખ્યું છે. હવે લડવાની તાકાત તેનામાં રહી નથી.

ઈઝરાઈલ મધ્ય પૂર્વમાં સૌથી તાકાતવાન દેશ છે. તે એક સાથે પાંચ મોરચા પર લડાઈ લડી રહ્યો છે. ગાઝાનો ભૂક્કો બોલાવ્યા પછી લેબનોન પર પ્રચંડ આક્રમણ કર્યું. ભયંકર બોમ્બમારાથી લેબનોન તબાહ થઈ ચૂક્યું છે હવે તે લડી શકે તેવી તાકાત તેનામાં રહી નથી.

નાણાકિય સહાયતા, આધુનિક હથિયારો અને પશ્ચિમી દેશોનું સમર્થન. આ ત્રણેય ઈઝરાયલની સાથે છે. ઉપરાંત ઉચ્ચ પદો પર રહી ચૂકેલા ઘણા પૂર્વ અધિકારીઓની ટિપ્પણીઓથી એ ધારણા પણ બની છે કે અમેરિકા એ પ્રકારનું દબાણ ઊભું કરે છે કે કોઈ દેશ એવાં હથિયારો ન રાખે જેને કારણે ઈઝરાયલને ખતરો પેદા થાય.

લેબનોનની સેના એક આર્થિક સંકટમાં ડૂબી ગઈ હતી. વર્ષ ૨૦૨૦માં બૈરુતમાં એક ફર્ટિલાઈઝર વેયરહાઉસમાં બ્લાસ્ટ થયો હતો ત્યારે પરિસ્થિતિ વધુ વિકટ બની હતી.

ઈરાને ઈઝરાયેલ પર ૧૮૦ થી વધુ મિસાઈલો છોડી હતી. હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહના મોત બાદ ઈરાને ઈઝરાયેલ પર ૧૮૦થી વધુ મિસાઈલો છોડી છે. આ પછી તણાવ ઘણો વધી ગયો છે. ઈઝરાયેલે ઈરાનને આ હુમલાના ગંભીર પરિણામોની ચેતવણી આપી છે. સાથે જ G૭ દેશોએ ઈમરજન્સી બેઠક યોજી છે. જેમાં અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો વધારવાની વાત કરી છે. પરંતુ જે રીતે તણાવ વધી રહ્યો છે, તેનાથી એક વાત ચોક્કસ છે કે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનો સંઘર્ષ હજુ વકરતો જાય છે.

ઈરાન અને ઈઝરાયેલ એકબીજાના કટ્ટર દુશ્મન છે અને હવે યુદ્ધની અણી પર ઉભા છે. તેનું કારણ છે ઈરાન દ્વારા ઈઝરાયેલ પર ૧૮૦ થી વધુ મિસાઈલ હુમલો, આ હુમલો ગત મંગળવારે રાત્રે થયો હતો, જ્યારે ઈઝરાયેલના આકાશમાં ઈરાની મિસાઈલોનો જોરદાર વરસાદ જોવા મળ્યો હતો. જો કે તે કોઈ રહસ્ય નથી કે ઈરાન અને ઈઝરાયેલ કટ્ટર દુશ્મન છે. ઈરાનમાં તેના સુપ્રીમો આજે જાહેરમાં આવ્યા અને પ્રવચન કર્યું અને કોઈ પણ ભોગે ઈઝરાયેલને તબાહ કરવાનું જાહેર કર્યું. આમ છતાં તેને અંદરથી એવો ડર છે કે ઈઝરાઈલ તેના અણું ઉર્જા મથક ઉપર પ્રચંડ હુમલો કરશે તો સમગ્ર ઈરાનમાં અંધારપટ વ્યાપી જશે અને આવું બને તો ઈઝરાઈલ માટે ઈરાનનો ભૂક્કો બોલાવી દેવો એકદમ સરળ બની જાય. આજે ઈરાન ગમે તેટલા બણગા ફૂંકે પરંતુ તેને અંદરથી ભયંકર તણાવ છે કે ઈઝરાયેલ તેને કોઈપણ સંજોગોમાં નહીં મૂકે અને તબાહ કરી નાખશે.

# ઈઝરાયેલની આયર્ન ડોમ એર ડિફેન્સ સિસ્ટમ હવાઈ હુમલા સામે કેટલી સક્ષમ ?

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ઈરાને ઈઝરાયેલ પર ભયાનક એટેક કર્યો. ૧૦૦ કરતા વધારે મિસાઈલ છોડીને જાણે મોટો મીર માર્યો હોય તેમ ઈરાની લોકો અને તેના સમર્થકો ઉત્સવ મનાવવા લાગ્યા પરંતુ બીજી બાજુ ઈરાન અંદરથી ફફડી રહ્યું હતું કે ઈઝરાયેલ આનો બદલો ભયાનક રીતે લેશે એ નક્કી છે. બીજે દિવસે ઈઝરાયેલે વળતો હુમલો કરીને તેના અણુમથકો તથા પાવર પ્લાન્ટ, મોટા ડેમ સહિતના લશ્કરી થાણા મિસાઈલ એટેકથી ઉડાડી દેવાના મૂડમાં હતું પરંતુ અમેરિકાએ રૂક જાવ આદેશ આપતાની સાથે જ ઈઝરાયલે સીરિયા પર એટેક શરૂ કર્યો. એક મહત્વના ઘટનાક્રમમાં ઈઝરાયેલે રશિયન થાણા પર હુમલો કરીને વિશ્વભરના દેશોનું ટેન્શન વધારી દીધું કારણકે આનાથી વિશ્વયુદ્ધ ફાટી નીકળે તેવી શક્યતાઓ ઊભી થઈ છે. જો ઈઝરાયેલ અણુમથકો પર હુમલો કરે તો તેના ભયાનક પરિણામો રૂપે માની ન શકાય એટલા મોટા પ્રમાણમાં રેડીએશન ફેલાય અને તેના લાંબા ગાળાના ભયંકર પરિણામો માનવ જાતે ભોગવવા પડે તેમ હોવાથી અમેરિકાએ રુક જાઓનો આદેશ આપ્યો તે યોગ્ય પગલું હતું. આપણે જોઈએ કે ઈઝરાયેલની એર ડિફેન્સ સિસ્ટમ કેટલી ફૂલપ્રુફ છે. ઈરાને ગત સપ્તાહે ઈઝરાઈલ પર સો કરતા વધારે મિસાઈલનો એટેક કર્યો પરંતુ મોટાભાગની મિસાઈલ તેની એર ડિફેન્સ સિસ્ટમે નાકામ બનાવી. કઈ રીતે કામ કરે છે આ સિસ્ટમ? દુશ્મનની મિસાઈલ્સને હવામાં જ તે ૧૫ થી ૨૦ કિલોમીટર ઊંચે તોડી પાડવી સહેલું કામ નથી. પરંતુ ઈઝરાઈલ પાસે એર ડિફેન્સ સિસ્ટમ છે જે તેને રક્ષણ આપે છે. સો મિસાઈલ દુશ્મનની આવે તો તેમાંથી ૯૦ ને તે નાકામ બનાવી નાખે છે પરંતુ ૧૦ જેટલી મિસાઈલ આમાંથી છટકીને ધરતી પર પડે છે અને નુકસાન કરે છે. એરો-૩ને લાંબી બૅલેસ્ટિક મિસાઈલોને રોકવા માટે ડિઝાઈન કરાઈ છે, જે પૃથ્વીના વાયુમંડળની બહાર ઊડે છે. તેની રેન્જ ૨,૪૦૦ કિલોમીટર છે. એરો-૩નો પહેલી વાર ઉપયોગ ૨૦૨૩ બૅલેસ્ટિક મિસાઈલને રોકવા માટે કરાયો હતો, જે યમનના હૂતી વિદ્રોહીઓએ દક્ષિણ ઈઝરાયલના તટીય શહેર ઈલાટ પર છોડી હતી.



**આધુનિક ટેકનોલોજી મુજબ દુશ્મનની મિસાઈલ્સને અધવચ્ચે જ આંતરીને તોડી પાડવાની પ્રક્રિયાને એર ડિફેન્સ સિસ્ટમ કહેવામાં આવે છે. ઈઝરાયલની આ સિસ્ટમ કેવી છે તે જાણવું રસપ્રદ છે.**


આ પ્રણાલીને પહેલી વાર ૨૦૧૭માં તહેનાત કરાઈ હતી. આ રીતના મિસાઈલ હુમલાને વિફળ કરવામાં ઈઝરાયલની એરો-૨ અને એરો-૩ હવાઈ રક્ષા પ્રણાલી બહુ કારગત છે. બેદી કહે છે, "આ હવાઈ રક્ષા પ્રણાલી અમેરિકાની છે અને ઈઝરાયલ પાસે ઉચ્ચ સ્તરીય સટીક એન્જિનિયરિંગ છે, જેનાથી તે પોતાની મારણક્ષમતા વધારે છે." તેમનું કહેવું છે કે જો ૧૮૦ મિસાઈલોના હુમલા બાદ માત્ર એક મૃત્યુના સમાચાર મળ્યા છે, તો એ દર્શાવે છે કે હવાઈ રક્ષા પ્રણાલીઓ કામ કરી રહી છે. આમ છતાં 'કોઈ પણ એર ડિફેન્સ સિસ્ટમ ફૂલપ્રૂફ નથી' "ઈઝરાયલ પાસે ઘણાં સ્તરોવાળી એર ડિફેન્સ સિસ્ટમ છે, પરંતુ આ સિસ્ટમની ક્ષમતા સીમિત છે. જો નિર્ધારિત સંખ્યા કરતાં વધુ મિસાઈલ, ડ્રોન અને પ્રોજક્ટાઈલથી હુમલો કરાય તો તે અમુક હદ સુધી પોતાના ટાર્ગેટ સુધી પહોંચવામાં સફળ રહેશે. આ જ કારણે ઈરાન જ્યારે જ્યારે ઈઝરાયલ પર હુમલો કરે છે ત્યારે તે ભારે સંખ્યામાં મિસાઈલો છોડે છે, જેથી એ પૈકી અમુક તો તેના ટાર્ગેટને ભેદી શકે." એ વાતમાં કોઈ બેમત નથી કે ઈઝરાયલની મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ સારી છે અને ભૂમધ્ય સાગરમાં હાજર તમામ અમેરિકન યુદ્ધજહાજો દ્વારા અમુક મિસાઈલોને રોકવામાં તેમને મદદ પણ મળી રહી છે." આ તમામ ક્ષમતાઓને કારણે ભારે સંખ્યામાં મિસાઈલ નષ્ટ થઈ જતી હોય છે, પરંતુ કેટલીક પોતાના ટાર્ગેટને ભેદવામાં સફળ પણ થાય છે. જોકે, વધુ નુકસાન નથી થયું એવું બતાવવું એ ઈઝરાયલના હિતમાં છે." તેઓ એવું પણ દેખાડવા માગતા હશે કે ઈઝરાયલની એર ડિફેન્સ સિસ્ટમ અભેદ્ય છે, પરંતુ વિશ્વની કોઈ પણ સંરક્ષણ પ્રણાલી અભેદ્ય નથી. આ જ વાત અમેરિકાની હવાઈ સંરક્ષણ પ્રણાલી પર પણ લાગુ થાય છે." ઈરાન દ્વારા એવો દાવો કરવો કે તેની મિસાઈલોએ ઘણું નુકસાન કર્યું છે, તેનું એક કારણ એવું પણ છે કે તેમણે પોતાના સાથીદારોનું મનોબળ વધારવાનું છે. તેઓ કહે છે કે, "જો ઈરાન કાર્યવાહી ન કરે તો તેના કારણે તેમના સાથીદારો પર તેની પકડ નબળી પડી જશે." "એ વાતમાં કોઈ બેમત નથી કે ઈઝરાયલ આ હુમલામાં છોડાયેલી મિસાઈલો પૈકી કેટલીકને રોકવા અને નષ્ટ કરવામાં સફળ રહ્યું હશે. પરંતુ એ વાત પણ સત્ય છે કે અમુક મિસાઈલો તો ઈઝરાયલની એર ડિફેન્સ સિસ્ટમથી બચી ગઈ હશે.", "ઈઝરાયલના હવાઈ સંરક્ષણની કરોડરજ્જુ મનાતું આયર્ન ડૉમ ખરેખર તો ઓછા અંતરવાળી મિસાઈલો સામે રક્ષણ પૂરું પાડે છે. જેમ કે, ગાઝા કે લેબનોનથી છોડવામાં આવેલી મિસાઈલ. ઓછા અંતરની મિસાઈલ હોવાને કારણે તેની ગતિ ઓછી હોય છે અને તેને રોકવાનું સરળ હોય છે."

"આમ, ઈઝારયલ માટે ગાઝામાંથી થતા હુમલાનો સામનો કરવાનું સરળ છે, પરંતુ ઈરાનથી થતા હુમલા માટે આ વાત બંધબેસતી નથી, કારણ કે ઈઝરાયલ પાસે સારી તકનીક છે. ઈરાન પાસે સારી રૅન્જવાળી મિસાઈલો છે, જે પોતાના લક્ષ્યને ભેદી શકે છે. ઈઝરાયલની બહુસ્તરીય હવાઈ સંરક્ષણ પ્રણાલીએ ઈરાનની યોજનાઓને થાપ આપી? આયર્ન ડોમ અને ડૅવિડ્સ સ્લિંગ શું છે? ઈરાનના મિસાઈલ હુમલાને નિષ્ફળ ગણાવતા ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું હતું કે "વિશ્વમાં સૌથી આધુનિક એવી ઈઝરાયલની હવાઈ સંરક્ષણ પ્રણાલીને લીધે આ હુમલો નિષ્ફળ ગયો છે." ઈઝરાયલ પાસે વિવિધ પ્રકારની હવાઈ સંરક્ષણ પ્રણાલી છે. અલગ અલગ ઊંચાઈએ મિસાઈલને અટકાવવા માટે એ ડિઝાઈન કરવામાં આવી છે. જેમાં આયર્ન ડોમ સૌથી પ્રખ્યાત એર ડિફેન્સ કવચ છે. તે ટૂંકા અંતરેથી છોડવામાં આવેલા રૉકેટ કે મિસાઈલને આંતરી શકે છે. આયર્ન ડોમ ૪થી ૭૦ કિલોમીટરના અંતરથી છોડવામાં આવેલાં રૉકેટ અથવા મિસાઈલને આંતરી શકે છે. આયર્ન ડોમ રડાર ઉડતાં રૉકેટને શોધી અને ટ્રૅક કરે છે. તે શોધી કાઢે છે કે વસ્તીવાળા વિસ્તારોમાં કયા રૉકેટ પડવાની શક્યતા છે. એ પછી તે એવા રૉકેટ પર મિસાઈલ છોડે છે. આયર્ન ડોમને અમેરિકાની મદદથી ઈઝરાયલની કંપની રાફેલ ઍડવાન્સ્ડ ડિફેન્સ સિસ્ટમ્સ અને ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે. તે સૌપ્રથમ ૨૦૧૧માં તહેનાત કરવામાં આવી હતી. તે જ વર્ષે પ્રથમ વખત તેનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો, જ્યારે તેણે ગાઝામાંથી છોડેલાં રૉકેટને આંતર્યા હતાં. ઑક્ટોબર ૨૦૨૩થી, આયર્ન ડોમ મિસાઈલોએ હમાસ અને અન્ય ઉગ્રવાદી જૂથો દ્વારા ગાઝામાંથી છોડવામાં આવેલાં હજારો રૉકેટને આંતર્યા હતાં. આયર્ન ડોમ પછી, ઈઝરાયલની સૌથી સફળ એર ડિફેન્સ સિસ્ટમ ડૅવિડ્સ સ્લિંગ છે, જે મધ્યમ રેન્જમાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. હિબ્રૂમાં જેને જાદુઈ લાકડી કહે છે તે ડૅવિડ સ્લિંગ ૩૦૦ કિલોમીટરના અંતરે મિસાઈલને આંતરી શકે છે. અમેરિકાના સહયોગથી ઈઝરાયલે તૈયાર કરેલી આ સિસ્ટમ ૨૦૧૭થી સક્રિય છે. ઓછા, મધ્ય અને લાંબા અંતરેથી ફેંકાતી બૅલેસ્ટિક મિસાઈલોને તોડી પાડવા માટે ડૅવિડ્સ સ્લિંગની સ્ટનર મિસાઈલ ડિઝાઈન કરવામાં આવી છે. તે પણ એવી જ મિસાઈલને અડફેટે લે છે જે વસતી ધરાવતા વિસ્તારો પર પડવાની હોય છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૯૦ |
| ઘઉં લોકવન | ૫૪૫ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૪૨ | ૬૧૧ |
| જુવાર સફેદ | ૭૪૦ | ૭૭૫ |
| બાજરી | ૩૮૫ | ૪૫૫ |
| તુવેર | ૧૬૦૦ | ૨૦૮૧ |
| ચણા પીળા | ૧૨૫૦ | ૧૪૮૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૯૫૦ |
| અડદ | ૧૩૬૦ | ૧૬૭૮ |
| મગ | ૧૨૫૦ | ૧૬૫૦ |
| વાલ દેશી | ૧૩૭૧ | ૨૦૨૦ |
| વાલ પાપડી | ૧૫૭૧ | ૨૦૭૫ |
| ચોળી | ૧૭૦૦ | ૨૯૨૦ |
| વટાણા | ૯૫૦ | ૨૪૦૦ |
| સીંગદાણા | ૧૪૧૦ | ૧૫૨૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૧૯૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| અળશી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલી | ૨૦૭૧ | ૨૬૫૦ |
| એરંડા | ૧૧૯૨ | ૧૨૯૬ |
| અજમો | ૨૧૯૯ | ૨૧૯૯ |
| સુવા | ૧૪૨૦ | ૧૪૨૦ |
| સોયાબીન | ૮૮૦ | ૯૧૨ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૨૬૦ |
| કાળા તલ | ૨૯૯૫ | ૩૭૭૫ |
| લસણ | ૪૦૫૦ | ૫૦૩૦ |
| ધાણા | ૧૧૬૦ | ૧૪૪૦ |
| ધાણી | ૧૨૪૦ | ૧૪૯૦ |
| વરીયાળી | ૧૦૬૧ | ૧૪૦૦ |
| જીરૂ | ૪૪૬૦ | ૪૮૭૫ |
| રાય | ૧૧૦૦ | ૧૩૭૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૭૯ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૫૦ |
| રજકાનું બી | ૩૯૫૦ | ૫૧૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૪૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૫૦૦ | ૨૩૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૫૦ |
| ડુંગળી સુકી | ૩૫૦ | ૯૬૫ |
| ટમેટા | ૯૦૦ | ૧૪૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મૂળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૧૫૦ | ૩૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પરવળ | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૩૦ | ૬૨૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૫૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૪૩૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| હળદર લીલી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૩૪૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૦૦ | ૧૫૦૪ |
| શિંગ મોટી | ૭૮૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૭૩ |
| બાજરો | ૩૫૦ | ૪૬૮ |
| જુવાર | ૪૨૧ | ૮૬૦ |
| ઘઉં ટુકડા | ૪૭૯ | ૬૧૬ |
| ઘઉં લોકવન | ૫૨૯ | ૬૧૦ |
| અડદ | ૭૬૦ | ૧૭૦૨ |
| ચણા | ૮૦૦ | ૧૫૦૪ |
| રાય | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૧૦૪૦ | ૧૦૪૦ |
| અજમા | ૧૫૦૦ | ૨૭૨૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૫૫૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૨૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સૂકું | ૫૦૦૦ | ૬૦૫૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૮૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૨૫ | ૧૫૩૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૫૦૬૦ |
| તલ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| મગફળી | ૮૮૫ | ૧૦૫૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૩૬ |
| મગફળી મોટી | ૧૦૦૦ | ૧૧૭૦ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૩ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૨૫ |
| બાજરો | ૪૨૦ | ૪૯૨ |
| જુવાર | ૪૫૦ | ૮૦૯ |
| ચણા | ૧૨૫૦ | ૧૫૨૦ |
| **કોડીનાર** | | |
| મગફળી | ૮૪૦ | ૧૨૧૩ |
| બાજરી | ૪૨૫ | ૫૨૩ |
| ઘઉં | ૪૫૦ | ૬૧૫ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૪૬ |
| સફેદ તલ | ૨૧૫૦ | ૨૫૩૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૭૪૦ |
| સોયાબીન | ૭૫૬ | ૯૧૦ |
| જુવાર | ૬૨૫ | ૭૫૬ |
| અડદ | ૭૦૦ | ૧૭૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૭૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૬ | ૧૫૦૦ |
| મગફળી | ૮૫૨ | ૧૦૫૯ |
| ઘઉં | ૪૩૦ | ૫૬૧ |
| અડદ | ૧૦૨૫ | ૧૧૨૫ |
| તુવેર | ૧૭૫૦ | ૧૭૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૩૭ |
| ઘઉ લોકવન | ૫૦૫ | ૫૩૭ |
| ઘઉ ટુકડા | ૫૦૭ | ૫૬૪ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૦ |
| ચણા સફેદ | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૧૦ |
| ધાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| તલ સફેદ | ૨૨૭૫ | ૨૨૭૫ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| મગફળી | ૬૫૦ | ૭૯૫ |
| અડદ | ૧૩૪૧ | ૧૫૨૪ |
| મગ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| શીંગદાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ડુંગળી | ૪૫૫ | ૪૫૫ |
| બાજરો | ૩૦૧ | ૪૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૧૧ | ૧૬૧૧ |
| ઘઉં લોકવન | ૫૨૬ | ૬૨૪ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૧૪ |
| સિંગદાણા | ૧૦૫૦ | ૧૪૧૧ |
| સિંગ ફાડીયા | ૭૫૧ | ૧૩૬૧ |
| એરંડા/એરંડી | ૧૧૩૧ | ૧૩૦૧ |
| ક્લોંજી | ૧૦૦૦ | ૩૭૯૧ |
| વરીયાળી | ૧૨૦૧ | ૧૨૭૬ |
| ધાણા | ૮૦૦ | ૧૬૧૧ |
| ડુંગળી | ૨૮૧ | ૯૦૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૫૦૧ |
| તુવેર | ૧૬૧૧ | ૨૦૪૧ |
| રાયડો | ૧૦૭૧ | ૧૦૭૧ |
| રાય | ૧૩૬૧ | ૧૩૬૧ |
| મેથી | ૮૦૧ | ૧૨૫૧ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૨૮૧૧ |
| ધાણી | ૯૦૦ | ૧૬૯૧ |
| બાજરો | ૨૫૧ | ૪૫૧ |
| જુવાર | ૬૦૧ | ૮૮૧ |
| મકાઈ | ૬૦૦ | ૬૩૧ |
| મગ | ૧૦૯૧ | ૧૬૧૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૫૦૬ |
| વાલ | ૧૧૦૦ | ૨૦૭૬ |
| ચોળા/ચોળી | ૭૦૧ | ૩૧૫૧ |
| ગોગળી | ૪૦૧ | ૯૬૧ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૨૩૧ | ૧૫૦૦ |
| મગફળી | ૯૬૦ | ૯૬૦ |
| જુવાર સફેદ | ૭૦૩ | ૭૦૩ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૫૬૬ |
| બાજરો | ૪૯૨ | ૫૬૧ |
| ઘઉં | ૪૬૦ | ૬૧૨ |
| ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| જુવાર | ૬૦૦ | ૮૧૨ |
| અડદ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૯૦૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૮૬૬ | ૮૭૭ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૫ |
| સોયાબીન | ૮૫૬ | ૮૫૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૨૨ |
| ઘઉં | ૪૫૦ | ૬૦૫ |
| બાજરો | ૩૦૦ | ૪૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૪૨૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૧૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૬૪ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૫૧ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૧૧ |
| ઈસબગુલ | ૧૦૫૦ | ૧૭૧૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૫ |
| **જામનગર** | | |
| કપાસ | ૯૦૦ | ૧૬૫૦ |
| જુવાર | ૫૦૦ | ૭૩૦ |
| બાજરો | ૪૪૦ | ૪૮૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૮૦ |
| મગ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| અડદ | ૨૫૦ | ૧૫૮૫ |
| ચોળી | ૫૦૦ | ૬૩૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ચણા | ૧૩૭૦ | ૧૪૫૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૪૧૫ |
| એરંડા | ૧૦૩૦ | ૧૨૭૭ |
| તલ | ૨૨૦૦ | ૨૫૬૦ |
| રાયડો | ૧૦૪૬ | ૧૧૪૬ |
| લસણ | ૨૦૦૦ | ૫૧૧૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૯૯૦ |
| અજમો | ૨૧૫૦ | ૨૯૭૦ |
| ધાણા | ૬૫૦ | ૧૩૯૦ |
| ડુંગળી સૂકી | ૨૫૦ | ૯૦૦ |
| સીંગદાણા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૦ |

## શબ્દ સંજોગ-૧૮૮૦



**આડી ચાવી :**
(૧) ભાળ, પત્તો (૩)
(૩) "ચાલો કોણ.....કરશે ?" (૩)
(૬) પવન (૩)
(૭) માગવા જતા જાચક રોજ સંભળાવે છે તે ઉક્તિ (૩)
(૯) એક વનસ્પતિ (૩)
(૧૧) હાથ-પગના આંગળાના ટેરવા પરનું હાડકુ (૨)
(૧૩) ખેલ, ક્રિડા (૩)
(૧૫) રમણીય (૨)
(૧૭) દરરોજ (૨)
(૧૮) પાસાં ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૨૦) પતિ, રમણ (૨)
(૨૧) બેસવાની જગ્યા (૩)
(૨૨) ઓમ.......(૨)
(૨૩) અંધારુ, અંધકાર (૩)
(૨૫) મહારાષ્ટ્રમાં બ્રાહ્મણોની એક અટક (૨)
(૨૭) લોહી (૨)
(૨૮) એક ચોઘડીયુ (૨)
(૨૯) આથમવુ તે (૨)
(૩૦) સેના (૨)
(૩૧) શું ? (૧)
(૩૨) 'તેમ થાઓ' (૩)

**ઉભી ચાવી :**
(૧)બલિને છળવા થયેલો વિષ્ણુનો પાંચમો અવતાર (૩)
(૨) કોલકત્તાનું એરપોર્ટ (૪)
(૩) પડતી, નાશ (૩)
(૪) થોડા વાળની સેર (૨)
(૫) ખામી, કરચલી (૨)
(૮) સોનું (૨)
(૧૦) ગાયોના ચાલવાથી ઉડતી ધૂળ (૩)
(૧૨) ઔષધ કચરવાનો ખાડાવાળો પથરો (૩)
(૧૪) તમને..... લાગી છે ? (૩)
(૧૬) સફેદ (૨)
(૧૭) હરિશ્ચંદ્ર રાજાનો પુત્ર (૩)
(૧૯) આ હોય તો માળવે જવાય (૨)
(૨૦) શોભા, મનોહરતા (૨)
(૨૧) મોહિત, અનુરકત (૩)
(૨૨) શાંતિયુક્ત (૨)
(૨૪) વાવડ, રોગ (૩)
(૨૫) જમવા બેઠેલાની હાર (૩)
(૨૬) ઉન્મત, ચકચૂર (૨)
(૨૯) ભલે, ખેર (૨)

## શબ્દ સંજોગ-૧૮૭૯ જવાબ

**આડી ચાવી:** (૧) લંબોદર (૪) મોચરસ (૭) ગીચ (૮) મસાજ (૧૦) ક્ષાર (૧૧) સલોકા (૧૩) ધમણ (૧૪) રજાકજા (૧૬) જોર (૧૭) અવગત (૧૮) પીડા (૧૯) તવારીખ (૨૧) રાવ (૨૩) નખ (૨૪) જડસું (૨૬) મલમ (૨૮) ણુંભા(ભાણુ) (૩૦) રણકાર (૩૧) મનવાર.
**ઉભી ચાવી:** (૧) લંગીસ (૨) બોચલો (૩) રમ (૪) મોજમજા (૫) રક્ષા (૬) સરવર (૯) સાધક (૧૨) કારગત (૧૫) જાતવાન (૧૬) જોડાજોડ (૧૭) અજરામર (૨૦) રીખણું (૨૨) વલણ (૨૫) સુંદર (૨૭) મકા(કામ) (૨૯) ભામ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**શાળાનો ઉદેશ્ય બાળકોમાં સર્વાંગી વિકાસ તેમજ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવાનો**

# ઓક્સફર્ડ સ્કૂલ ખાતે ગાંધી જયતીએ ત્રિવિધ કાર્યક્રમ યોજાયો









અમરેલી,તા.૦૪

બીજી ઓક્ટોબરને બુધવારના રોજ ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૫મી જન્મ જયંતી સમગ્ર દેશમાં ખૂબ જ ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી. ગાંધી જયંતીએ અમરેલી જિલ્લામાં હરહંમેશ બોર્ડ પરિણામમાં અવ્વલ નંબરે આવતી ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં ત્રિવિધ કાર્યક્રમ સાથે 'ગાંધી જયંતી' ની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગાંધીજીના સ્વચ્છતા અભિયાનને જે વેગ આપવામાં આવેલ તે અન્વયે ઓક્સફર્ડ સ્કૂલના શિક્ષકો, સંચાલકો અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરી ખૂબ જ ઉત્સાહભેર સ્વચ્છતા અભિયાનમાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. ગાંધી જયંતી નિમિત્તે ખાસ સંસ્થા દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત કળાને નિખારવા માટે નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ધોરણ ૬ થી ૧૨ ના ૪૭૦ વિદ્યાર્થીઓએ પોતાની આગવી સૂઝબૂઝથી સ્વચ્છતા, શિસ્ત, દેશપ્રેમ, રાષ્ટ્રના ઘડવૈયાઓ તથા મહાપુરુષોનાં જીવન ચરિત્ર અને કાર્ય, ઘટનાઓને શાબ્દિક અને ચિત્ર દ્વારા રજૂઆત કરીને નિર્ણાયકોને મંત્રમૂગ્ધ કરી દીધા હતા. બંને સ્પર્ધામાં વિભાગ વાઈઝ પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ આપીને તેમની શૈક્ષણિક ઉપરાંત સહ અભ્યાસિક પ્રવૃતિમાં રસ, રુચિને બિરદાવવા અને તેમનામાં રહેલ કળાને ખિલવવા માટે તત્પર ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓક્સફર્ડ સ્કૂલનો ધ્યેય બાળકોના શૈક્ષણિક ઉપરાંત અન્ય ક્ષેત્રે પ્રતિભા ખિલવી તેમનો સર્વાંગી વિકાસ સાધવા માટેનો હોવાનું ઓક્સફર્ડ સ્કૂલની યાદીમાં જણાવાયુ છે.

## વિંછીયાના આસલપુર ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતાં ૭ શખ્સો પકડાયા

જસદણ, તા.૦૪

જસદણના વિંછીયા પોલીસે આસલપુર ગામની સીમમાં રેઈડ કરીને જાહેરમાં જુગાર રમતા ૭ શખ્સોને ઝડપી લીધા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, આસલપુર ગામે હજામની ધારવાળી વાડી વિસ્તારમાં કાચા રસ્તે પીપળાના ઝાડ નીચે જુગાર રમાતો હોવાની બાતમી મળતા વિંછીયા પોલીસે રેઈડ કરી જુગાર રમતા ગોપાલ મોરભાઈ ભુવા (રહે-આસલપુર), સંદીપ ભરતભાઈ માતરીયા (રહે-બોટાદ), સંજય કાનજીભાઈ ખડસલીયા (રહે- બોટાદ), વિજય હિંમતભાઈ મકાણી (રહે-ભદરાવાડી, તા.જી.બોટાદ), મુનેશ કરશનભાઈ વસોયા (રહે-બોટાદ, મીરાપાર્ક), રમેશ શંકરભાઈ માથોડીયા (રહે-સેથળી, તા.બોટાદ) અને અરવિંદ બંસીભાઈ દાણીધારીયા (રહે-દેસાઈનગર, ભાવનગર)ને રોકડા રૂ. ૨૫,૦૩૦ તથા ગંજીપતા સાથે પકડીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## જસદણના શિવરાજપુર ગામે વ્યાજખોરોથી કંટાળી હીરાના કારખાનેદારે ઝેરના પારખા કર્યા

જસદણ, તા.૦૪

જસદણના શિવરાજપુર ગામે રહેતા કારખાનેદાર આધેડે વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી જઈ ઘર છોડી દઈ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી તેમને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવમાં કારખાનેદારે ૬ શખ્સો સામે વ્યાજખોરી અંગેની ફરિયાદ નોંધાવી હતી. જસદણ તાલુકાના શિવરાજપુર ગામે ખોડીયારનગરમાં રહેતા છગનભાઈ જીવાભાઈ મુલાણી(ઉ.વ.૪૯) નામના આધેડે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેમને સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આધેડનું નિવેદન લઈ જસદણ પોલીસને જાણ કરી હતી. આ બનાવમાં છગનભાઈએ વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી જઈ આ પગલું ભર્યું હોય આ અંગે તેમણે જસદણ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદમાં આરોપીઓ તરીકે જસદણમાં રહેતા સમીર, હુસેન, ઉદય દિલીપભાઈ ધાધલ, ભાભલુ, શિવરાજપુરમાં રહેતા ક્રિપાલ ગભરૂભાઈ મોડા અને અશોક ચનાભાઈ ગોલાણીના નામ આપ્યા હતા. તેમણે વ્યાજે રૂપિયા લીધા હતા અને તેનું નિયમિત વ્યાજ પણ આપતા હતા. પરંતુ મંદીના કારણે વ્યાજ ચૂકવી ન શકતા તે ઘરે આવી જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. તેમજ પ્રોમિસારી નોટ પણ લખાવી લીધી હતી. વ્યાજખોરોની ધમકીઓથી ડરી જઈ બે દિવસ પૂર્વે તેઓ ઘર છોડીને ચાલ્યા ગયા હતા અને બાદમાં ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ફરિયાદના આધારે જસદણ પોલીસે ૬ શખ્સો સામે ગુનો નોંધી આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## કડિયાળીમાં જિલ્લા કક્ષાનો કારકિર્દી સેમિનાર યોજાયો



રાજુલા,તા.૦૪

શ્રી કડિયાળી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં આજે સમગ્ર શિક્ષા અમરેલી પ્રેરિત તેમજ બી.આર.સી.ભવન જાફરાબાદના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાનો કારકિર્દી સેમિનાર યોજાયો હતો, જેમાં કૌશિકભાઈ ( જિલ્લા રોજગાર કચેરી) તથા અભિષેકભાઈ બારડ (જી.એચ.સી.એલ. જાફરાબાદ), બી.આર.સી. ડો. હરદાસ ગળચર ( મિતિયાળા ), શીલુ સર(વાણિજ્ય કોલેજ જાફરાબાદ), જયેશભાઈ જોશી(એચ. ટાટ આચાર્ય લોઠપુર), રમેશભાઈ આચાર્ય (લોઠપુર માધ્યમિક શાળા), મોરી સર(કડિયાળી માધ્યમિક શાળા), ડી.આર .પી સાગરગિરી (અમરેલી), ડોડીયા (મિતિયાળા), અલ્પેશભાઈ ( સી.આર.સી.) ઉપસ્થિત રહ્યા હતા.

## ઉનામાં પોષણ માસની વિવિધ થીમ આધારિત ઉજવણી કરાઈ



તસવીર : કૈલાસ ભટ્ટ

ઉના,તા.૦૪

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮થી ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ માટે પૂર્ણા યોજના અમલ કરવામાં આવી છે. આ યોજના હેઠળ પૂરક પોષણ અને પૂરક પોષણ સિવાયની સેવાઓ આપવામાં આવે છે. પોષણ માસ-૨૦૨૪ ઉજવણી સંદર્ભે, સી.ડી.પી.ઓ ડી.ડી. રામના માર્ગદર્શન હેઠળ આઈ.સી.ડી.એસ વિભાગમાં ચાલતી પૂર્ણા યોજનાની નોંધાયેલ તમામ કિશોરીઓ માટે પોષણ માસ-૨૦૨૪ એનેમિયા થીમ પર ઉના કન્યા વિદ્યાલય શાળામાં તાલુકા કક્ષાની પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં કિશોરીને એનિમિયા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતની ૪૦મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



સુરત, તા.૦૪

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતની ૪૦મી વાર્ષિક સાધારણ સભા અને દાતા ટ્રસ્ટીઓનું સ્નેહમિલન યોજાયું હતું. રાજયના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા અને અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા તથા કરંજના ધારાસભ્ય પ્રવીણભાઈ ઘોઘારીની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં નવા ટ્રસ્ટીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. મૌની ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકો દ્વારા સોરઠી ડાયરી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો હતો.

## અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૨ ઓક્ટોબરે ગાંધી જયંતી, શાસ્ત્રીજીની જન્મ જયંતીને અનુલક્ષી કાર્યક્રમ યોજાયો




અમરેલી, તા.૦૪

શિક્ષણ અને સંસ્કાર માટે, રાષ્ટ્રીયતા માટે સુવિદત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૨ ઓક્ટોબરે ગાંધી જયંતી તથા પૂર્વ વડાપ્રધાન સ્વ. લાલબહાદુર શાસ્ત્રીની જન્મ જયંતીને અનુલક્ષીને કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધો-૫થી ૧૨નાં વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધા, વક્તવ્ય પણ આપ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા કૃષિ યુનિવર્સિટી અમરેલીના પ્રાધ્યાપકો બી.વી. પોકળ, એન્ટરપ્રેન્યર અમરેલી ડૉ. વી.સી. ગઢિયા (મ.પ્રા. કૃષિ મહાવિદ્યાલય અમરેલી.) ડૉ. એમ. કે. કાનાણી (સંશોધન કેન્દ્ર અમરેલી) સંજયભાઈ સાવલિયા, (આત્મા પોજેકટ-ખાંભા), નીતિનભાઈ સાવલિયા (આત્મા પ્રોજેક્ટ-ધારી), રાહુલભાઈ બેડ (હેરજંબા ઈન્ડસ્ટ્રીઝ લી. અમરેલી) વગેરે ઉપસ્થિત રહ્યા

## ધોરાજી ખોડલધામ સમિતિ દ્વારા વેલકમ નવરાત્રી મહોત્સવ યોજાયો



તસ્વીર : નયન કુહાડીયા

ધોરાજી, તા.૦૪

ધોરાજી ખોડલધામ સમિતિ દ્વારા વેલકમ નવરાત્રી કાર્યક્રમ જય પાર્ટી પ્લોટ ખાતે યોજવામાં આવ્યો હતો. ધોરાજી સમિતિના અધ્યક્ષ અરવિંદભાઈ વોરા તેમજ ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, પૂર્વ ધારાસભ્ય લલીત વસોયા, અગ્રણી હિતેશભાઈ કોયાણી, યાર્ડના ચેરમેન હરકિનભાઈ માવાણી સહિત મહાનુભાવો દ્વારા મા ખોડલની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ખેલૈયાઓએ ડીજેના તાલે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.

## BAPS સંસ્થામાં ત્યાગાશ્રમ સ્વીકારનાર દામનગરના યુવકનો વિદાય સમારંભ યોજાયો



દામનગર,તા.૦૪

દામનગરના રામજીભાઈ મનજીભાઈ નારોલાના પૌત્ર ભૌતિકભાઈ રમેશભાઈ નારોલાએ માત્ર ૨૫ વર્ષની ઉંમરે BAPS (બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા)માં સાધુ થવા ત્યાગાશ્રમ સ્વીકારતા તાજેતરમાં યોજાયેલ વિદાય સમારંભમાં BAPS સંસ્થાના ૨૦ સંતો, દામનગર સત્સંગ મંડળ, સગા-સબંધીઓ, પરિવારજનોની હાજરીમાં સત્સંગ સભાનો કાર્યક્રમ રાખવામાં આવેલ.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

મું.રાજુલા.

જન્મ/ મરણ અરજી નંબર/૩૧૦/ ૨૦૨૪

અરજદાર :- શ્રી શિયાળ વાલીબેન ધીરુભાઈ

સરનામું :- રહે.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી -કમ- મંત્રીશ્રી, ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં ખેરા ગામના શ્રી શિયાળ વાલીબેન ધીરુભાઈએ તેમના પતિ નામે સ્વ. ધીરુભાઈ ભાયાભાઈ શિયાળ મરણ તા.૧૭/૦૧/૨૦૧૮ રોજ ખેરા મુકામે થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી એમ.એમ. લાલવાણી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૩૦ માહે ૯ સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા

**સ્થળ : રાજુલા.**
**તા.:- ૩૦/૯/૨૦૨૪**

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા**

**રાજુલાના મે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

મું.રાજુલા.

જન્મ/ મરણ અરજી નંબર/૧૮૮/ ૨૦૨૪

અરજદાર :- શ્રી વાઘમશી અરશીભાઈ લાખાભાઈ

સરનામું :- રહે.રાજુલા, તા.રાજુલા, જી. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી -કમ- મંત્રીશ્રી,માંડરડી નવી-જુની, મું માંડરડી નવી-જુની, તા. રાજુલા, જિ. અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં રાજુલા ગામના શ્રી વાઘમશી અરશીભાઈ લાખાભાઈએ તેમના ભાઈ નામે શ્રી કાળુભાઈ લાખાભાઈ વાઘમશી નો જન્મ તા.૦૬/૦૭/૧૯૬૨ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી પ્રદિપભાઈ એસ.રંજોલીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે, તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોયતો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૩૦ માહે ૯ સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા

**સ્થળ : રાજુલા.**
**તા.:- ૩૦/૯/૨૦૨૪**

**સહી.**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ રાજુલા**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ -જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૫૬/૨૦૨૪

અરજદાર :- શ્રી ગોસ્વામી અશોકભારથી હરીભારથી

સરનામુઃ- મું. ૧૪, ગણેશ રેસીડેન્સી, શીવ વાટિકા સોસાયટી પાસે, કામરેજ, માંકણા સુરત

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી દુધાળા, મુ. દુધાળા, તા. જાફરાબાદ, જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથીલાગતાવળગતાઓનેઆજાહેરનોટીસથીજાણકરવામાંઆવેછે કે,અમરેલીજિલ્લાના જાફરાબાદ તાલુકાના દુધાળા ગામના શ્રી ગોસ્વામી અશોકભારથી હરીભારથી એ તેમના **પુત્ર નામે શ્રી ગોસ્વામી પ્રસીધ્ધભારથી અશોકભારથી** નો જન્મ તા.૨૮/૦૫/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી અતુલભાઈ ડી. દવે** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૩ માહે ઓકટોમ્બર સને-૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા

**સ્થળઃ- જાફરાબાદ**
**તા. 03/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૮૦/૨૦૨૪

અરજદાર :- શ્રી કનુભાઈ સામતભાઈ સરવૈયા

સરનામું :- મું.લોર તા. જાફરાબાદ, જિ. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, લોર મું.લોર,તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લોર** ગામના શ્રી કનુભાઈ સામતભાઈ સરવૈયા એ તેમના પિતા નામે સ્વ.**શ્રી સામતભાઈ ભગવાનભાઈ સરવૈયા નું મરણ તા.૧૭/૦૮/૨૦૦૩ નાં** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૩ માહે. **ઓક્ટોમ્બર** સને. **૨૦૨૪** નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- 03/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં./૧૬૩/૨૦૨૪

અરજદાર :- શ્રી રાણીબેન રામભાઈ જોગદીયા

સરનામું :- મું.લોર, તા. જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી,બાબરકોટ મું.બાબરકોટ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લોર** ગામના શ્રી રાણીબેન રામભાઈ જોગદીયા એ તેમના પિતા નામે **સ્વ.શ્રી હાકાભાઈ વીસાભાઈ વાળા નું મરણ** તા.૦૧/૦૧/૧૯૭૦ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી. વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- 03/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં./૧૪૦/૨૦૨૪

અરજદાર :- શ્રી જીવાભાઈ ભુરાભાઈ પરમાર

સરનામું :- મું.જુની જીકાદ્રી તા જાફરાબાદ, જી અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી - કમ - મંત્રીશ્રી, જુની જીકાદ્રી મું.જુની જીકાદ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જુની જીકાદ્રી** ગામના શ્રી જીવાભાઈ ભુરાભાઈ પરમાર એ તેમની પુત્રી નામે **શ્રી રળીબેન જીવાભાઈ પરમાર** નો **જન્મ** તા.૦૧/૦૬/૧૯૯૨ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી. વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- 03/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# સોમનાથ મંદિરની આસપાસ બુલડોઝર પર પ્રતિબંધ મુકવાનો "સુપ્રીમ" ઈનકાર

ન્યુ દિલ્હી,તા.૦૪



સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં સોમનાથ મંદિરની આસપાસ બુલડોઝરની કાર્યવાહી પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કર્યો છે. સોમનાથ મંદિર પાસે મુસ્લિમ સમુદાયના ઘરો અને ધાર્મિક સ્થળો પર બુલડોઝરની કાર્યવાહી સામે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે SCના ૧૭ સપ્ટેમ્બરના આદેશની અવગણના કરીને ત્યાં બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. અરજીમાં ગીર સોમનાથના કલેક્ટર અને અન્ય અધિકારીઓ સામે તિરસ્કારની કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. ત્યારે સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને આગામી સુનાવણી ૧૬મી ઓક્ટોબરે જવાબ દાખલ કરવા જણાવ્યું છે. SCએ બુલડોઝરની કાર્યવાહી રોકવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે રાજ્ય સરકારનો જવાબ આવવા દો. જો અમને લાગે છે કે અધિકારીઓએ કોર્ટની અવમાનના કરી છે, તો અમે તેમને માત્ર જેલમાં મોકલીશું નહીં પરંતુ તેમને ત્યાં અગાઉની સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માટે પણ નિર્દેશિત કરીશું. સોમનાથ મંદિર પાસે બુલડોઝરની કાર્યવાહીને લઈને દાખલ કરવામાં આવેલી કન્ટેમ્પ પિટીશન પર સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે જો અમારા આદેશોની અવગણના કરવામાં આવી છે તો દોષિત અધિકારીઓને જેલમાં મોકલવામાં આવશે. બધુ પુનઃસ્થાપિત કરવાનો આદેશ પણ આપશે. સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને જવાબ દાખલ કરવા જણાવ્યું હતું. હવે આ કેસની આગામી સુનાવણી ૧૬મી ઓક્ટોબરે થશે.

# ઈઝરાયેલના ડરથી નસરાલ્લાહનો જનાજો કાઢ્યા વગર દફનવિધિ

તેહરાન,તા.૦૪



ઈરાનના સુપ્રીમો અલી ખામેનીએ શુક્રવારે તેહરાનની ગ્રાન્ડ મસ્જિદમાં ઈરાની હુમલામાં માર્યા ગયેલા હિઝબુલ્લાના વડાની યાદમાં નમાજ અદા કરી હતી. આ પછી તેમણે મસ્જિદમાં હાજર હજારો લોકોને સંબોધન કર્યું હતું. તેમણે દુનિયાભરના મુસ્લિમોને દુશ્મન સામે એક થવા અપીલ કરી હતી. ઈરાનના સુપ્રીમો ખામેનીએ રાષ્ટ્રને સંબોધનની શરૂઆતમાં લોકોને એકજુટ રહેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે અલ્લાહના બતાવેલા માર્ગ પરથી હટશો નહીં. ખામેનીએ દુનિયાભરના મુસ્લિમોને એકજુટ રહેવાની અપીલ કરી હતી. ખામેનીએ સંબોધન કરતા કહ્યું, મુસ્લિમો વચ્ચે તિરાડો પાડવામાં આવી રહી છે. તેઓ પેલેસ્ટિનિયનો, ઈજિપ્તવાસીઓ, યમન અને સીરિયાના દુશ્મન છે. આપણો દુશ્મન એક છે. ઈરાનની ગ્રાન્ડ મોસલ્લા મસ્જિદમાં હિઝબુલ્લાના ચીફ નસરાલ્લાહની યાદમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ખામેનીને સાંભળવા માટે હજારો લોકો હાજર હતા. સમાચાર એજન્સી AFPએ હિઝબુલ્લા સાથે સંકળાયેલા એક સુત્રને ટાંકીને દાવો કર્યો છે કે નસરાલ્લાહને સિક્રેટ જગ્યાએ દફનાવવામાં આવ્યો છે. ઈઝરાયલના હુમલાના ડરથી નસરાલ્લાહના જનાજાને કાઢવામાં આવ્યો નથી. અગાઉ તેના મૃત્યુના શોકમાં મોટો જનાજો કાઢવાનો હોવાના અહેવાલ હતા.

# વિદેશ મંત્રી એસ. જયશંકર તા. ૧૫મીએ પાકિસ્તાન જશે

ન્યુ દિલ્હી,તા.૦૪

વિદેશમંત્રી એસ. જયશંકર ૧૫-૧૬ ઓક્ટોબરે પાકિસ્તાન જશે. તેઓ ઈસ્લામાબાદમાં CHGની બેઠકમાં ભાગ લેશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ માહિતી આપી છે. ૯ વર્ષમાં આ પ્રથમ વખત બનશે, જ્યારે કોઈ ભારતીય મંત્રી પાકિસ્તાનની મુલાકાત લેશે. વાસ્તવમાં પાકિસ્તાને ૨૯ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મિટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. એના પર જયશંકરે કહ્યું હતું કે "પાકિસ્તાન સાથે વાતચીતનો યુગ હવે પૂરો થઈ ગયો છે. દરેક વસ્તુનો સમય હોય છે, દરેક કામ વહેલા કે મોડેથી એના અંત સુધી પહોંચે છે. જ્યાં સુધી જમ્મુ-કાશ્મીરની વાત છે તો હવે કલમ ૩૭૦ સમાપ્ત થઈ ગઈ છે. એનો અર્થ એ છે કે શા માટે આપણે પાકિસ્તાન સાથે કોઈપણ સંબંધ પર વિચાર કરવો જોઈએ.

# અનોખો વિરોધ : મહારાષ્ટ્રના નાયબ સ્પીકરે ધારાસભ્ય સાથે મંત્રાલયના ત્રીજા માળેથી છલાંગ લગાવી

મુંબઈ,તા.૦૪



મહારાષ્ટ્ર એસેમ્બલીના ડેપ્યુટી સ્પીકર નરહરિ ઝિરવાલે શુક્રવારે મંત્રાલયના ત્રીજા માળેથી છલાંગ લગાવી દીધી હતી. તેમની સાથે ધારાસભ્ય હિરામન ખોસકર પણ કૂદી પડ્યા હતા. જો કે નીચે જાળી હોવાથી તેમનો જીવ બચી ગયો હતો. બંને આદિવાસી ધારાસભ્યો જાળમાં ફસાઈ ગયા હતા. પોલીસે સ્થળ પર પહોંચીને તેમને બહાર કાઢ્યા હતા. ઉંચાઈ પરથી પડી જવાને કારણે ઝિરવાલને ગરદન પર ઈજા થઈ હતી. તેમનું બ્લડ પ્રેશર પણ વધી ગયું. તેમની તપાસ કરવા માટે ડોક્ટરોની એક ટીમ મંત્રાલય પહોંચી છે. ઝિરવાલ નાયબ મુખ્યમંત્રી અજિત પવારના NCP જૂથમાંથી ધારાસભ્ય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓ શિંદે સરકારના ધનગર સમુદાયને એસટીનો દરજ્જો આપવાના નિર્ણયની વિરુદ્ધ છે. તેઓ પોતાની જ સરકારના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. ઝિરવાલ અને અન્ય આદિવાસી વિધાનસભ્યો આ બાબતે શુક્રવારે ૪ ઓક્ટોબરે મુખ્યમંત્રી એકનાથ શિંદેને મળ્યા હતા. જો કે, મામલો થાળે ન પડતા તેમણે મંત્રાલયના ત્રીજા માળેથી છલાંગ લગાવી દીધી. ઝિરવાલ અને ખોસ્કરે પણ આદિવાસી સમુદાયના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. આ ઘટના બાદ મંત્રાલયમાં કામકાજ ઠપ થઈ ગયું હતું.

# દિવાળી પહેલા રેલવે કર્મીઓને ૭૮ દિવસનું બોનસ : કેબિનેટની મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૦૪



દિવાળી પહેલા રેલવે કર્મચારીઓને ૭૮ દિવસનું બોનસ મળશે. ગુરુવારે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે સરકારે રેલવે કર્મચારીઓ માટે ૨૦૨૯ કરોડ રૂપિયાના પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસને મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે આ જાહેરાતથી ૧૧,૭૨,૨૪૦ રેલવે કર્મચારીઓને ફાયદો થશે. સરકારે પ્રધાનમંત્રી-રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (PM-RKVY) અને કૃષોન્નતિ યોજનાને પણ મંજૂરી આપી છે. આ માટે ૧,૦૧,૩૨૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી.

# દિલ્હીમાં આવેલા પ્રખ્યાત કાલકાજી મંદિરમાં વીજ કરંટથી વિદ્યાર્થીનું મોત, સાત ઘાયલ


દિલ્હી,તા.૦૪



દિલ્હીના પ્રખ્યાત કાલકાજી મંદિરમાં વીજળીનો આંચકો લાગવાથી એક વ્યક્તિનું મોત થયું છે. નાસભાગમાં છ લોકો ઘાયલ થયા હતા. ૨જી ઓક્ટોબરે સવારે ૧૨.૪૦ વાગ્યે પોલીસને માહિતી મળી કે કાલકાજી મંદિરમાં દર્શન કરવા આવેલા કેટલાક ભક્તોને વીજ કરંટ લાગ્યો છે. સ્થળ પર પહોંચીને જાણવા મળ્યું કે રામપાયુ અને કમળ મંદિરના મર્જિંગ પોઈન્ટ પર ઈલેક્ટ્રીક વાયરના સંપર્કમાં આવ્યા હતા. પોલીસ સ્ટાફે ઘટના સ્થળે પહોંચી ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો અને લોકોને સ્થળ પરથી દૂર કરવામાં આવ્યા હતા. BSES અને પોલીસે સ્થળ પર તપાસ કરી મંદિરને ખાલી કરાવ્યું. ૯મા ધોરણના વિદ્યાર્થીનું ઈલેક્ટ્રિક શોકથી મૃત્યુ થયું હતું. લોખંડની રેલિંગને અડતા વીજ કરંટ લાગ્યો હતો. કુલ સાત લોકો ઘાયલ થયા હતા.

# મોતિહારીમાં સગીરાને ગર્ભવતી બનાવ્યા બાદ પ્રેમીએ હત્યા કરી

મોતિહારી,તા.૦૪




મોતિહારીના ચિરૈયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પરિણીત પ્રેમીની સગીર પ્રેમિકાની હત્યાના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ગત બુધવારે સવારે પ્રેમિકાનો મૃતદેહ કેરીના બગીચામાં ઝાડ પર લટકતી હાલતમાં મળી આવ્યો હતો. મૃતદેહ જોઈને પ્રેમિકાના પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી. એફએસએલની ટીમે આ કેસમાં પુરાવા એકઠા કર્યા હતા. સગીરા બે મહિનાની ગર્ભવતી હતી અને હંમેશા તેના બોયફ્રેન્ડ પર તેની સાથે લગ્ન કરવા માટે દબાણ કરતી હતી. બનાવના દિવસે પ્રેમિકાએ તેના બોયફ્રેન્ડને ફોન કર્યો હતો. ગર્લફ્રેન્ડ શૌચ કરવાના બહાને ઘરની બહાર આવી અને બોયફ્રેન્ડની બાઈક પર જતી રહી. આ દરમિયાન બંને વચ્ચે લગ્નની વાતને લઈને ઝઘડો થયો હતો. પ્રેમીએ આ કારણસર ફરીથી લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો કે તે પહેલેથી જ પરિણીત છે, પરંતુ તેની પ્રેમિકાના દબાણથી કંટાળીને તેણે પ્રેમિકાની હત્યા કરી લાશને ઝાડ પર લટકાવી દીધી હતી.

# મેરિટલ રેપને ગુનો જાહેર કરવાની માંગણી કરતી અરજી અંગે કેન્દ્રનું સુપ્રીમમાં સોગંદનામુ

## મેરિટલ રેપને અપરાધ બનાવવાની કોઈ જરૂર નથી

ન્યુ દિલ્હી,તા.૦૪

કેન્દ્ર સરકારે ગુરુવારે મેરિટલ રેપને ગુનો જાહેર કરવાની માગણી કરતી અરજીઓનો વિરોધ કરીને સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી હતી. કેન્દ્રએ કહ્યું કે મેરિટલ રેપને અપરાધ નહીં. કેન્દ્રએ સ્વીકાર્યું કે લગ્ન પછી પણ સ્ત્રીની સંમતિનું મહત્વ સમાપ્ત થતું નથી અને મહિલાની ગરિમાનું ઉલ્લંઘન કરવા બદલ આરોપીને સજા થવી જોઈએ. કેન્દ્રએ એમ પણ કહ્યું કે જો આવી ઘટના લગ્ન સંબંધની બહાર બને છે, તો



બનાવવાની કોઈ જરૂર નથી કારણ કે ભારતીય કાયદામાં તેના માટે અન્ય ઘણી સજાઓ છે. સરકારે કહ્યું કે આ મુદ્દો કાનૂની નથી પણ સામાજિક છે. આમ છતાં જો તેને ગુનો જાહેર કરવો હોય તો તે સુપ્રીમ કોર્ટના અધિકારક્ષેત્રમાં આવતો નથી. સરકારે એમ પણ કહ્યું કે તમામ હિતધારકો સાથે ચર્ચા કર્યા વિના આ મુદ્દે કોઈ નિર્ણય લઈ શકાય તેના પરિણામો લગ્ન સંબંધમાં થતા ઉલ્લંઘનો કરતા અલગ છે. કેન્દ્રએ કહ્યું કે લગ્નમાં પતિ-પત્ની એકબીજા સાથે શારીરિક સંબંધ બાંધવાની અપેક્ષા રાખે છે, જો કે આવી અપેક્ષાઓને કારણે પતિને પત્ની પર દબાણ કરવાનો અધિકાર નથી. બળાત્કાર વિરોધી કાયદા હેઠળ પતિને સજા કરવી એ બિનજરૂરી કાર્યવાહી હોઈ શકે છે.

# મોબાઈલ એપ દ્વારા દેશના ૩૦ હજાર લોકો સાથે છેતરપિંડીનો પર્દાફાશ કરતી દિલ્હી પોલીસ

ન્યુ દિલ્હી,તા.૦૪




દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના IFSO યુનિટે છેતરપિંડીનો મોટો મામલો સામે લાવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓ મોબાઈલ એપ દ્વારા જ આ ગુનાને અંજામ આપવામાં સફળ રહ્યા હતા. આરોપીઓએ દેશભરના ૩૦ હજાર લોકોને રોકાણ પર જંગી નફો આપવાનું વચન આપીને ૫૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. હવે આ કેસમાં પોલીસે માસ્ટર માઈન્ડની તમિલનાડુમાંથી ધરપકડ કરીને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે તેના ચાર બેંક ખાતામાંથી ૧૮ કરોડ રૂપિયા પણ જપ્ત કર્યા છે. આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ જે. શિવરામના રૂપમાં સ્થાન પામ્યું છે. પોલીસ ઈઝીબઝ અને ફોનપેની ભૂમિકાની પણ તપાસ કરી રહી છે.

# અમેઠીમાં મહિલા સહિત ચારની હત્યામાં પ્રેમીનો હાથ હોવાનો ખુલાસો

અમેઠી,તા.૦૪



અમેઠીમાં ચાર લોકોની હત્યા કેસમાં નવો ખુલાસો થયો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે શિક્ષક સુશીલની પત્ની પૂનમ ભારતી અને ચંદન વર્મા વચ્ચે કથિત પ્રેમસંબંધ હતો. આટલું જ નહીં, ચંદન વર્માના વોટ્સએપ સ્ટેટસનો એક સ્ક્રીનશોટ પણ સામે આવ્યો છે જેમાં કથિત રીતે લખવામાં આવ્યું છે કે ટૂંક સમયમાં ૫ લોકો મૃત્યુ પામ્યા છે. પોલીસ તપાસમાં એક મોટી વાત સામે આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે પૂનમ અને ચંદન વચ્ચે પ્રેમસંબંધ ચાલી રહ્યો હતો. સુનીલ સાથે લગ્ન બાદ પણ બંને વચ્ચે બોલાચાલી થતી હતી. પોલીસને સોશિયલ મીડિયા પરથી તેમના પ્રેમસંબંધના પુરાવા મળ્યા છે. ગ્રામજનોએ એમ પણ જણાવ્યું છે કે ચંદન અવારનવાર તેમના ઘરે આવતો હતો. દાવો કરવામાં આવે છે કે બંને વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થયો હતો, ત્યારબાદ ચંદને આ ભયંકર પગલું ભર્યું અને આખા પરિવારનો નાશ કર્યો. ચંદને સુશીલ અને પૂનમની બે માસૂમ દીકરીઓને પણ બક્ષી નહીં અને તેમની પણ હત્યા કરી નાખી. જો કે બંને વચ્ચે શું વિવાદ હતો તે હજુ સુધી બહાર આવ્યું નથી.


## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં./૧૬૭/૨૦૨૪

અરજદાર :- શ્રી મનજીભાઈ બાવાભાઈ વંશ
સરનામું :- મું.રામજનતા સોસાયટી, પીપળીકાંઠા જાફરાબાદ તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા મું.જાફરાબાદ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના શ્રી મનજીભાઈ બાવાભાઈ વંશ એ તેમની પુત્રી નામે **શ્રી દેવાંગી મનજીભાઈ વંશ** નો **જન્મ** તા.૨૭/૦૭/૨૦૧૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી. વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ <u>૦૩</u> માહે. <u>ઓકટોમ્બર</u> સને. <u>૨૦૨૪</u> નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૩/૧૦/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૬૬/૨૦૨૪

અરજદાર :- શ્રી ચૌહાણ બાલાભાઈ રામભાઈ
સરનામું :- મું.વઢેરા, તા. જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી વઢેરા મું. વઢેરા, તા. જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના શ્રી ચૌહાણ બાલાભાઈ રામભાઈ એ તેમના પુત્ર નામે **શ્રી ચૌહાણ અરવિન્દ બાલાભાઈનો જન્મ** તા.૦૪/૧૨/૨૦૦૬નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી કિર્તીકુમાર એમ. બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ <u>૦૩</u> માહે. <u>ઓકટોમ્બર</u> સને. <u>૨૦૨૪</u> નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૩/૧૦/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૭૭/૨૦૨૪

અરજદાર :- શ્રી ધનજીભાઈ ભુટાભાઈ બલદાણીયા
સરનામું :- મું.લોર, તા. જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી,લોર મું.લોર, તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લોર** ગામના શ્રી ધનજીભાઈ ભુટાભાઈ બલદાણીયા એ તેમના માતા નામે **સ્વ.શ્રી દિવાળીબેન ભુટાભાઈ બલદાણીયા નું મરણ** તા.૨૦/૦૩/૧૯૯૧ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી કિર્તીકુમાર એમ. બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ <u>૦૩</u> માહે. <u>ઓકટોમ્બર</u> સને. <u>૨૦૨૪</u> નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૩/૧૦/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૬૪/૨૦૨૪

અરજદાર :- શ્રી મુગલ મુસાભાઈ ભીખાભાઈ
સરનામું :- મું.લાઈટ હાઉસ રોડ, જાફરાબાદ તા. જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી, નગર પાલીકા, મું. જાફરાબાદ તા. જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના શ્રી મુગલ મુસાભાઈ ભીખાભાઈ એ તેમના પુત્ર નામે **શ્રી હબીબ મુસાભાઈ મુગલનો જન્મ** તા.૨૫/૦૪/૧૯૭૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી કિર્તીકુમાર એમ. બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ <u>૦૩</u> માહે. <u>ઓકટોમ્બર</u> સને. <u>૨૦૨૪</u> નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૩/૧૦/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# ઈકો સેન્સેટિવ ઝોન બાબતે અમરેલી સહિત ત્રણ જિલ્લાના ખેડૂતોનો વિરોધ

**ઈકો સેન્સેટિવ ઝોન રદ નહી થાય તો ઉગ્ર રસ્તા રોકો આંદોલનની ચીમકી**



જૂનાગઢ,તા.૦૪

કેન્દ્ર સરકાર દ્વારા ગીર વિસ્તારની આસપાસના ૧.૮૭ લાખ હેક્ટર વિસ્તારને ઈકો સેન્સેટિવ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ત્રણ જિલ્લાના કુલ ૧૯૬ ગામડાઓ તેમજ ૧૭ નદીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે આ ઈકો સેન્સેટિવ ઝોનનો જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાના ખેડૂતો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. આ ઈકો સેન્સેટિવ ઝોનમાં ૨૪ હજાર હેકટર હેકટરથી વધુ વનવિસ્તાર તેમજ ૧.૫૯ લાખ હેકટર બિન જંગલ વિસ્તારનો સમાવેશ કરવામાં આવતા ખેડૂતોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. જેને લઈ ભારતીય કિસાન સંઘ અને ત્રણે જિલ્લાના ખેડૂતો દ્વારા આજે જૂનાગઢ ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય કિસાન સંઘ અને ખેડૂતો દ્વારા આ ઈકો સેન્સેટિવ ઝોનના જાહેરનામાને રદ કરવાની માંગ કરવામાં આવી છે. ગીર જંગલ વિસ્તાર નજીક રહેતા ખેડૂતોએ પોતાના જ ખેતરમાં મકાન બનાવવા માટે કે ખેતરમાં વાવેલ પાકને વેચવા માટે તેમજ અન્ય કામો કરવા માટે વન વિભાગની મંજૂરી લેવી પડે છે. ત્યારે વન વિભાગ દ્વારા વારંવાર કનડગત કરવામાં આવતી હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા છે. ત્યારે આજે ઈકો સેન્સિટિવ ઝોનના મુદ્દે તાલાળા ખાતે ૨૪ થી વધુ ગામોના સરપંચો દ્વારા ચર્ચા વિચારણા કરી રણનીતિ ઘડવા બેઠક યોજાશે. ત્યારે આવનાર સમયમાં સરકાર દ્વારા જો ઈકો સેન્સિટિવ ઝોન રદ કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન સાથે રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે તેવું ખેડૂતોએ જણાવ્યું હતું.

# ઈકો સેન્સેટિવ ઝોનને લઈ ભાજપ નેતા દિલીપ સંઘાણીનો વિરોધ



અમરેલી,તા.૦૪

ગીરમાં ઈકો સેન્સિટીવ ઝોન બનાવવાને લઈને ભાજપના દિલીપભાઈ સંઘાણીએ પણ વિરોધનો સૂર છેડ્યો છે. સંઘાણીએ ઈકો સેન્સિટિવ ઝોનને વિકાસ માટે નડતરરૂપ ગણાવ્યો અને નિટોફિકેશન રદ કરવાની માગ કરી છે. તેમણે જણાવ્યું કે ઈકો સેન્સિટીવ ઝોન વિકાસ માટે અવરોધ ઉભો કરે છે અને તેના કારણે ખેડૂતોને મુશ્કેલી આવી શકે છે. સંઘાણીએ આ મામલે સરકારને ફેર વિચારણા કરવા પણ જણાવ્યુ છે.

તેમણે કહ્યું કે આ બાબતે લોકોની માગને તેઓ સરકાર સુધી જરૂરથી પહોંચાડશે. દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યુ કે ગ્રામ્ય વિકાસને અને ખેડૂતોને મુશ્કેલીમાં મૂકે તેવી હાલ પ્રાથમિક માન્યતાઓ લોકોની છે અને મને પણ લાગે છે કે તેમાં કોઈ ઉતાવળ ન કરવી જોઈએ. સરકારે આ નોટિફિકેશન રદ કરીને નિર્ણય પરત લેવો જોઈએ.

# સા.કુંડલાની એક કોલેજના વિધર્મી પ્રોફેસર દ્વારા વિદ્યાર્થિનીની છેડતીનો વીડિયો વાયરલ

અમરેલી,તા.૦૪

સમગ્ર દેશમાં લવ જેહાદને કારણે ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. જેમાં ખાસ કરીને લવ જેહાદને રોકવા માટે હિન્દુ સેના મેદાને પડી છે. આવા સમયે અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરની નામાંકિત કોલેજના પ્રશાસન દ્વારા વિદ્યાર્થિનીઓની સાથે વિધર્મી પ્રોફેસરને મોકલવામાં આવ્યા બાદ વિધર્મી પ્રોફેસર દ્વારા વિદ્યાર્થિનીની છેડતી કરાતી હોવાનો વીડિયો વાયરલ થતા ખળભળાટ મચી જવા પામ્યો છે. સાવરકુંડલા શહેરમાં આવેલી એક કોલેજમાં રમત-ગમત માટે વિદ્યાર્થિનીઓની ટીમ મોકલવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓની ટીમ સાથે મહિલા પ્રોફેસરને મોકલવાના હોય તેના બદલે કોલેજના જ એક વિધર્મી પ્રોફેસરને સાથે મોકલવામાં આવ્યો હતો. જે બસમાં વિદ્યાર્થિનીઓની ટીમ પ્રવાસ કરતી હતી તે બસનો ડ્રાયવર પણ વિધર્મી હતો. સાથો સાથ કોલેજના કબડ્ડી ચેમ્પિયન વિધર્મી યુવાનને પણ વિદ્યાર્થિનીઓની ટીમ સાથે મોકલવામાં આવ્યો હતો. વિધર્મી પ્રોફેસરે ચાલુ બસે એક વિદ્યાર્થિનીની છેડતી કરીને શારીરિક અડપલા કરી વિદ્યાર્થિની સાથે પ્રોફેસરને ન શોભે તેવું હિન પ્રકારનું કૃત્ય કરવામાં આવ્યું હોવાનો વીડિયો વાયરલ થયો હતો. આ ઘટનાની જાણ કોલેજના પ્રિન્સીપાલને થતા તાત્કાલીક અસરથી બંને જણાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પ્રિન્સીપાલને આખી ઘટનાની જાણ હોવા છતા બંને વિધર્મીઓ સામે પોલીસ ફરિયાદ શા માટે કરવામાં ન આવી તેવું શહેરીજનોમાં ચર્ચાઈ રહ્યું છે. વિદ્યાર્થિનીના વાલી પોલીસ ફરિયાદ ન કરે તો સમગ્ર કોલેજની વિદ્યાર્થિનીઓની જવાબદારી હોય કોલેજના પ્રિન્સીપાલે ફરિયાદ કરવી જોઈએ. વિધર્મી પ્રોફેસરને માત્ર સસ્પેન્ડ જ નહી રાજ્યની કોઈ યુનિવર્સીટીમાં નોકરી ન મળે તેવી કડક કાર્યવાહી કરવાની જરૂર છે. આ ઘટનાના આટલા દિવસો વિતી ગયા બાદ પણ પ્રિન્સીપાલ દ્વારા વિધર્મી પ્રોફેસર સામે પોલીસ ફરિયાદ નહી કરી તેમને છાવરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જો આ ઘટના બાદ યુનિવર્સીટી દ્વારા પણ કોઈ કડક કાર્યવાહી અને કોલેજની માન્યતા રદ કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં અમરેલી જિલ્લા છાત્ર પરિષદ, બજરંગ દળ, એબીવીપી દ્વારા તાલુકે - તાલુકે આ ઘટનાનો વિરોધ કરી આવેદનપત્ર પાઠવવામાં આવશે. વિધર્મી પ્રોફેસરનો આવો હિન પ્રકારનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસ જાતે ફરિયાદી ન બની શકે? તેવો રોષ સાથે ગણગણાટ થઈ રહ્યો છે.

# ગુજરાતમાં નહિ તો શું પાકિસ્તાનમાં જઈને ગરબા રમવા? હર્ષ સંઘવી



ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં વર્ષો બાદ સવાર સુધી ગરબા રમવાની છૂટ મળી છે. વર્ષો પહેલા સવારે ૫ વાગ્યા સુધી ગરબા રમાતા હતા. જેના બાદ ફરમાન આવ્યું અને ગરબાની સમય મર્યાદા ૧૨ વાગ્યા સુધી થઈ. પરંતુ હવે ગુજરાતીઓ ફરીથી સવાર સુધી ગરબા કરી શકશે. આ વર્ષે ગુજરાત સરકાર દ્વારા ખેલૈયાઓને આ અનોખી ભેટ આપવામાં આવી છે. ત્યારે મોડે સુધી ગરબાને લઈને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીનું નિવેદન સામે આવ્યું છે. નવરાત્રીના પ્રથમ નોરતે ગાંધીનગરના થનગનાટ ગ્રુપમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ હાજરી આપી હતી. નવરાત્રીમાં મોડે સુધી ગરબા રમવાની છૂટછાટ આપવાના મામલે અને મોડે સુધી ગરબા રમવા અંગે ગૃહ રાજ્યમંત્રીએ કહ્યું હતું કે, મોડે સુધી ગરબા રમવા માટેની છૂટ આપી એમાં અમુકને પેટમાં દુઃખવા લાગ્યું. ગુજરાતમાં નહિ તો શું પાકિસ્તાનમાં જઈને ગરબા રમવા તેમ અંતમાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

**મોઢા પર પથ્થરના ઘા મારી પતાવી દીધી**

# લાલપુરના ઝાખર ગામે પ્રેમસંબંધનો અંત આણતા દિયરે કરી ભાભીની હત્યા



જામનગર,તા.૦૪

લાલપુરના ઝાખર ગામમાં સંબંધોની હત્યાનો મામલો સામે આવ્યો છે. ભૂતકાળમાં દિયર-ભાભી વચ્ચે પ્રેમસંબંધ હતો. પરંતુ, ભાભીએ પ્રેમસંબંધનો અંત આણી દેતા ઉશ્કેરાયેલા દિયરે પથ્થરોના ઘા મારી ભાભીને મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી છે. આ ઘટનાની મળતી માહિતી મુજબ લાલપુર તાલુકાના ઝાખર ગામમાં રહેતા યુવાનની પત્ની રીનાબા ઉ.૩૦ નામની યુવતીને સાથે તેણીના જ દિયર વિજયસિંહ સાથે પ્રેમસંબંધ થઈ ગયો હતો અને દિયર-ભાભીના પ્રેમસંબંધની બળવંતસિંહને ખબર પડી જતાં તેની પત્નીને સમજાવ્યા બાદ પત્ની રીનાબા તેણીના દિયરથી દૂર રહેવા લાગ્યા હતાં અને ત્યારબાદ દિયર પ્રેમીના કહ્યા મુજબ કંઈ પણ કરતા ન હતાં અને માનતા પણ ન હતાં. આ બાબતનો ખાર રાખી વિજયસિંહે ગત રાત્રિના સમયે તેના ભાભી રીનાબા, ઉ.૩૦ નામની યુવતી ઉપર સોસાયટીની ખુલ્લી જગ્યામાં પથ્થર વડે મોઢા ઉપર તથા કપાળ ઉપર હુમલો કરી ઢીમ ઢાળી દીધું હતું. પત્નીની હત્યાની જાણ પતિ દ્વારા કરવામાં આવતા પીઆઈ પી.ટી. જયસ્વાલ તથા સ્ટાફે સ્થળ પર પહોંચી જઈ મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ માટે મોકલી મૃતકના પતિના નિવેદનના આધારે હત્યારા દિયર વિરૂધ્ધ ફરિયાદ નોંધી આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે. આરોપી પોલીસના હાથવેંતમાં હોય તેવી માહિતી મળી રહી છે નોંધી શોધખોળ કરવા ચક્રો ગતિમાન કર્યા હતાં.




# રાજકોટમાં રૂા.૨૦ લાખનું સોનું લઈ બંગાળી કારીગર ફરાર

રાજકોટ,તા.૦૪

રાજકોટની સોની બજારમાંથી સ્થાનિક વેપારીઓનું સોનુ લઈ બંગાળી કારીગર ફરાર થઈ જતા હોવાની ઘટનાઓ અનેક વખત સામે આવતી હોય છે. પરંતુ હવે ખુદ બંગાળી વેપારીનું જ સોનુ બંગાળી કારીગર લઈને ફરાર થઈ ગયાની ઘટના સામે આવતા એ ડિવિઝન પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. છેલ્લા ૪૦ વર્ષથી રાજકોટમાં સોનાનું ઘાટકામ કરનાર બંગાળી વેપારીને ત્યાં છેલ્લા ૨૦ વર્ષથી કામ કરનાર બંગાળી કારીગર રૂ.૨૦.૯૦ લાખની કિંમતનું સોનુ લઈ પરિવાર સાથે ફરાર થઈ ગયો હતો. જેથી આમ આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આ બંગાળી કારીગરની શોધખોળ હાથ ધરી છે.







